### શ્રી મોદીનાં વતન વડનગરમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ, યુવા સાંસ્કૃતિ વિભાગ, જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજન

# વડનગરમાં શ્રી મોદીનો જન્મોત્સવ ઉજવતા શ્રી દિલીપ સંઘાણી

**ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ, યુવા સાંસ્કૃતિક વિભાગ (નાટય અકાદમી), જિલ્લા વહીવટી તંત્ર, અને વિકાસ સમીતી દ્વારા શ્રી મોદીના જન્મદિને લોકડાયરાનું ભવ્ય આયોજન કરાયું**

**અનુપ જલોટા, માયાભાઇ આહિર, અલ્પાબેન પટેલ સહિતનાં લોક કલાકારોએ જન્મદિવસની રઢીયાળી રાતને સુર સંગીતથી રળીયામણી બનાવી : રાતભર લોકડાયરાની જમાવટ કરાઇ**





અમરેલી, ગુજરાતના પુત્ર-દેશના યશસ્વીપ્રધાનમંત્રીઅનેવિશ્વગુરૂતરફ પ્રયાણકરતાભારતનાદિર્ઘષ્ટા, જનપ્રિય નરેન્ભાઈ મોદીજીના જન્મ દિવસને વતન ખાતે હાટકેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સંગીતની સંગતમાં ઉજવવામાંઆવ્યોહતો. ગુજરાત રાજય પ્રવાસનનિગમ, યુવાસાંસ્કૃતિકવિભાગ (નાટયઅકાદમી), જિલ્લાવહીવટીતંત્ર, અને વડનગર વિકાસ સહયોગથી ઉજવાએલ કાર્યક્રમમાં ભજન સમ્રાટ/ ગઝલ અનુપ જલોટા, સાહિત્ય અને હાસ્યકાર માયાભાઈ આહિર, સુરસામ્રાજ્ઞિ અલ્પાબેન પટેલ સહિત નામાંક્તિ કલાકારો ારા જન્મદિવસની રઢીયાળી રાતને સુરથી રળયામણી હતી. કાર્યક્રમનું સંચાલન બટુકભાઈ ઠાકોર ારા કરવામાં આવેલ હતુ. કાર્યક્રમમાં સામાજીક અગ્રણી સોમાભાઈ મોદી, ગુજકોમાસોલ- ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, શ્રીમતી ગીતાબેન સંઘાણી, મહેસાણાના કલેકટર એમ્.નાગરાજન, ભાજપડીબેટ પ્રવક્તા શૈલેષ પરમાર, જિલ્લા બેંકના ડીરેકટર બાબુભાઈ સખવાળા, ઉપસ્થિત રહયાહતા. આતકેલોકસમુહે યશસ્વી પ્રધાનમંત્રીના લોક સેવાભર્યુ નિરંતનસ્વાસ્થ્યજળવાઈ રહે દેશઅને વિશ્વ બંધુત્વ ભાવનાની જયોતથી વિશ્વને પ્રકાશીત કરે તેવી મહાદેવના ચરણોમાં શુભ પ્રાર્થના કરી હતી. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### અગાઉ દબાણ ખુલ્લુ કરાયાં બાદ ફરી ગેરકાયદેસર દબાણ થઇ જતાં

## ધારીમાં સવારે સુચના આપી અને સાંજે ડીમોલીશન

**શહેરનાં મુખ્ય માર્ગ પરનું દબાણ દુર કરવા કડક બંધોબસ્ત સાથે બુલ્ડોઝર ફરી વળ્યું**

ધારી, ધારીમાંફરીથી ગેરકાયદેસ દબાણ શરૂ થઈ જતાં દબાણ ખુલ્લુ કરવા સુચનાઓ સાથે તંત્રએ ડિમોલેશનની તૈયારીઓશરૂ કરીછે. ધારીમાંઅગાઉ તંત્ર દ્વારા દબાણ હટાવાયા બાદ પણ ફરીથી દબાણ શરૂ થઈ જતાં આજે તંત્રએ માઈક ફેરવી કડક બંદોબસ્ત સાથે સ્વેચ્છાએ લોકોએ દબાણ હટાવી લેવા સુચનાઆપી હતી અને જો લોકો સ્વેચ્છાએ દબાણ નહીં હટાવે તો અગામી દિવસોમાં ડિમોલેશન કરાશેતેવીતૈયારીઓપણવહીવટીતંત્રદ્વારા શરૂ કરવામાંઆવીછે. દરમિયાન સાંજનાં સમયેધારીમાં મેઈન રોડ ઉપર જ ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે દબાણને કારણે તંત્ર હરકતમાં આવ્યું અને બુલ્ડોઝર ફરી વળતા ગેરકાયદે દબાણ દુર થયું છે.

### ધારીના આંગણે આવી રહેલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સમક્ષ ધારાસભ્ય રજુઆત કરશે

## ધારીનાં દુધાળામાં ઓપન સફારી પાર્ક આપો : શ્રી જે.વી.કાકડીયા

**ધારી, બગસરા, ખાંભાની જનતાને સફારી પાર્કના કાર્યક્રમમાં ઉમટી પડવા અનુરોધ કરતા શ્રી જે.વી.કાકડીયા : મુખ્યમંત્રીને ધારીની સુવિધાઓ માટે ધારદાર રજુઆત કરવા તૈયારીઓ**

અમરેલી, (ડેસ્કરિપોર્ટર) ધારી, બગસરાના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ ધારી આંબરડી પાર્કની મુલાકાતે આવી રહેલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમમાં બપોરે ૩ વાગ્યે સૌને ઉમટી પડવા અપીલ કરી અને ધારીના વિકાસ માટે વાઈલ્ડ લાઈફ વોર્ડન તથા દાનેવધામના લઘુમહંત પૂ.શ્રી મહાવીરબાપુ રસ લઈ રહયા હોય ત્યારે ધારીવિસ્તારમાં કોઈ ઉદ્યોગો ન હોય તેનુ વધારે ડેવલોપીંગ થાય અને ગીરના સિંહોના દર્શન માટે આંબરડી જેવો જ પ્રોજેક્ટ ગીર દુધાળામાં ઓપન સફારી પાર્ક આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને મૃદુતા અને મક્કમતા સાથે રજુઆત કરવા માટે શ્રી જે.વી.કાકડીયાદ્વારાતૈયારીઓ કરાઈ છે. ધારી માટે મહેનત કરતા ધારાસભ્યની સાથે જોડાવા દરેકને જાહેર આમંત્રણ પાઠવાઈ રહયા છે.

### નામ બદલાવેલ છે

આથી હું કપાસી તાહેરભાઇ હકીમુદીન જાહેર કરૂ છુ કે મે મારૂ નામ કપાસી તાહેર હકીમુદીન માંથી બદલાવીને કપાસી તાહેરભાઇ હકીમુદીન (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું કપાસી તાહેરભાઇ હકીમુદીન(નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : કપાસી તાહેરભાઇ હકીમુદીન
એડ્રેસ : જીવાજી ડેલા, શંકર મંદિર, નદી પાર્ક, ગામ : બગસરા, જી.અમરેલી - ૩૬૫૪૪૦

### અમર ડેરીનાં સેન્ટર ઓફ એક્સલન્સ ખાતે

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતનાં આગમન અનુલક્ષીને તૈયારીઓની સમીક્ષા કરાઇ

**વાર્ષિક સભા, સહકાર સંમેલન અંગે કલેક્ટર શ્રી દહિયા સાથે ચર્ચા કરી**



અમરેલી, અમર ડેરીનાં સેન્ટર ઓફ એક્સલન્સ ખાતે તા.૨૧.૦૯.૨૦૨૪ નાં રોજ યોજાનાર વાર્ષિક સાધારણ સભા અને જિલ્લાભરના ખેડૂત સભાસદનાં સહકાર સંમેલન કાર્યક્રમમાં ગુજરાતના મહામહિમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પધારતા હોય તે અંગેના સ્થળ મુલાકાત અને તૈયારીઓની સમીક્ષા અમરેલી કલેકટર શ્રી અજય દહિયા સાથે કરી હતી. આ સાથે પ્રાંત અધિકારી, જિલ્લા મધ્યસ્થ બેંકના બી.એસ.કોઠિયા તથા વિભાગીય અધિકારી હાજર રહેલા હતા તેમ અમર ડેરીની યાદીમાં જણાવેલ છે

### સાબરકાંઠાનાં ઇડર ખેડબ્રહ્મા હાઇવે પર ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માતમાં ૨ લોકોનાં મોત


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
- કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮


### ફુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ સીટી સર્વે નંબર ૨૩૫ ના ટીકા નં. ૭/૨ ની કુલ ૯૮-૬૬-૩૨ ચો.મી. વાળી મીલકત ગીતાબેન ભાવેશભાઈ રાયચા તથા ધૃવીબેન ભાવેશભાઈ રાયચાની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. જેઓની મીલકતનો ટાઇટલ કલીયર રીપોર્ટ માટેની માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૮૩૮, તા.૨૨/૮/૧૯૯૦ ના રોજનો વેચાણ દસ્તાવેજ ચંદુલાલ પ્રભુદાસ ગાંધી વિગેરે - ૮ ના કુલ મુખત્યાર દરજજે દિનેશચંદ્ર શામળદાસ ગાંધી એ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર કુલ મુખત્યારના નામજોગ કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક હીત સંબંધ હોય તો તે હક્ક-હીત સબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૯/૯/૨૦૨૪ અમરેલી.
અજય જે.રાઠોડ - એડવોકેટ
જુના માર્કેટયાર્ડ, પહેલા માળે હરીરામ હોલસેલ માર્કેટ, કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી. મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

### ફુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૧, ૩૨ પૈકી સીટી સર્વે નંબર ૨૬૨૮ ના પ્લોટ નં. ૧૪ પૈકી ની કુલ ૭૭-૩૪૩ ચો.મી. વાળી મીલકત બળદેવભાઈ જીવાભાઈ સોહીલીયા ની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. જેઓની મીલકતનો ટાઇટલ કલીયર રીપોર્ટ માટેની માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૫૮ તા. ૨૮/૪/૧૯૮૮ ના રોજનો વેચાણ દસ્તાવેજ પ્રભાવતીબેન લક્ષ્મીદાસ સાદરાણી ના કુલ મુખત્યાર દરજજે મનોજકુમાર લક્ષ્મીદાસ સાદરાણી એ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર કુલ મુખત્યારના નામજોગ કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મિલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક હીત સબંધ હોય તો તે હક્ક-હીત સબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૯/૯/૨૦૨૪ અમરેલી.
અજય જે.રાઠોડ - એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે હરીરામ હોલસેલ માર્કેટ, કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી. મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

### બાઢડા ગ્રામ પંચાયત કચેરી, તા.સાવરકુંડલા

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવનાર તમામ વેપારી - આસામીઓને જાણ કરવામાં આવે છે કે, બાઢડા ગ્રામ પંચાયત દ્વારા ૧૫ માં નાણાપંચ હેઠળ વિકાસના કામો તેમજ ૧૫% વિવેકાધીન, સાંસદ, એમ.એલ.એ. યોજના, એ.ટી.વી.ટી. યોજના અન્ય તમામ ગ્રાન્ટો તથા સ્વભંડોળમાંથી કામો કરવાના થતા હોય નીચેની વિગતેના માલ-સામાન મંજુરીના ભાવ ગ્રા.પંચાયત કચેરી બાઢડા ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં રૂબરૂ અથવા પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલસામાનના ભાવો ૩૧-૦૩-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

૧. LED લાઇટ ૨૪ વોલ્ટથી ૧૨૦ વોલ્ટ પોલ સાથે અને પોલ વગર હાઇ પોલ સાથે નંગ-૧. ભાવ રૂા...
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ફુટ, એક ચો.મી. તથા એક બ્રાસના ભાવ રૂા...
૩. તમામ સાઇઝના રસો - પાઇપ તેમજ તમામ સાઇઝના પીવીસી પાઇપ મીટર એક ના ભાવ રૂા...
૪. લોખંડ I.S.I. બ્રાન્ડના 5 MM થી 20 MM ૨૦ કિ. ગ્રામનાં ભાવ રૂા...
૫. રેતી ચાળેલી ચોખ્ખી એક ઘન મીટર તથા એક ફેરાના ભાવ રૂા...
૬. બેલા / પથ્થર / ઇંટ તથા પાપડા નંગ - ૧ નો ભાવ તથા ટોળા ફેરા - ૧ નો ભાવ રૂા...
૭. I.S.I. સારી કંપનીની સિમેન્ટ થેલી - ૧ ના ભાવ રૂા...
૮. કપચી 6 MM થી 20 MM. 40 MM ૧ મે.ટન / ૧ બ્રાસ / ૧ ફેરાનો ભાવ રૂા...
૯. માટી, મોરમ, મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. તમામ કામની મજુરીના ભાવ રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના / સ્વચ્છતાના સાધનો તરીકે દરેક સાઇઝના ડસ્ટબીન તથા અન્ય દરેક આઇટમ નંગ - ૧ નો ભાવ તથા ડોર ટુ ડોર કલેકશન માટે સાઇકલ / ઇ-રીક્ષા / ટ્રાઇસીકલ / કન્ટેનર / ટ્રેકટર / ટ્રેકટર ટ્રોલી તથા ફોકીંગ મશીન વગેરે નંગ - ૧ નો ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એક ચો.મી. / એક નંગનો ભાવ રૂા...
૧૩. ગ્રીલ (જાળી) માટેનું લોખંડ ૧ કિ.ગ્રા. ના ભાવ રૂા...
૧૪. વટ્રીફાઇડ ટાઇલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૫. ડિસ્ટેમ્પર (કલર) ૧ લીટર ભાવ રૂા...
૧૬. લાઇટીંગ (ઇલેકટ્રીક) કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૮. આઇ.એસ.આઇ. માર્કવાળા ગેલ્વેનાઇઝ ભાવ તથા તમામ સાઇઝ માટેના ભાવ રૂા...
૧૯. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ રજુ કરવા...
૨૦. HDP પાણીની પાઇપલાઇન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મી.નો ભાવ રૂા...
૨૧. 300 MM D પાઇપ ૧ મીટર નો ભાવ રૂા...
૨૨. 450 X 450 X 775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૩. ગટરલાઇન ખોદાણ બુરાણ ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૪. પાણીનો બોર ક્રસીંગ પાઇપ સાથે ૧ મીટરનો ભાવ સાથે...
૨૫. કુવાનું ખોદાણ કામ મજુરીના ભાવ રૂા...
૨૬. ઇલેકટ્રીક પાણીની મોટર ISI 5HP, 3HP, 7HP, 1HP, 2HP, 1.5HP, 10HP ફીટીંગ માલ સામાન સાથેનો ભાવ ફીટીંગ કીટ સાથે નો ભાવ તથા સેન્સર સિસ્ટમનો ભાવ રૂા...
૨૭. પાણીનો ISI પ્લાસ્ટીકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૮. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો એક કલાકનો તથા દિન-૧ મીક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૦. ગટરલાઇન તથા પાણીની લાઇન માટે સિમેન્ટના તમામ સાઇઝના પાઇપનો ૧ મી.નો ભાવ રૂા...
૩૧. ફર્નિચર, ઓફીસ ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેનો ભાવ રૂા...
૩૨. આઇ.એસ.આઇ. કમ્પ્યુટર સેટના ભાવ રૂા...
૩૩. આઇ.એસ.આઇ. (ઇલેકટ્રીક) તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઇના મોજેક (ફ્લોરીંગ) ના માલ સામાનનાં ૧ બ્રાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર સિસ્ટમ તથા વાઇફાઇ તથા ઇન્વર્ટર સિસ્ટમનો કમ્પલીટ ભાવ રૂા...
૩૬. R.O. વોટર પ્લાન્ટ નંગ - ૧ નો ભાવ રૂા...
૩૭. બેસવા માટેના બાંકડા નંગ - ૧ નો ભાવ રૂા...
૩૮. ગેલ્વેનાઇઝ પતરા / સિમેન્ટના પતરા - ૧ ચો.મી.નો ભાવ રૂા...
૩૯. કરબીન નંગ - ૧ નો ભાવ રૂા...
૪૦. પાણીના વાલ્વ તમામ સાઇઝના નંગ - ૧ નો ભાવ રૂા...
૪૧. વ્હાઇટ સિમેન્ટ ૧ કિ.ગ્રા.નો ભાવ રૂા...
૪૨. તકતી એક નંગ ભાવ રૂા...
૪૩. પાણીનું ટેન્કર દિન એકનું ભાડુ રૂા...
૪૪. પાણીનું ટેન્કર નંગ એકનો ભાવ રૂા...
૪૫. પી.વી.સી. ગટર લાઇન પાઇપ 4 MM થી 16 MM સુધીનો ભાવ રૂા...

ઉપર મુજબની વિગતોના ભાવ મંજુર / નામંજુર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે કે તેમજ આ ભાવો સાઇડ ઉપર પહોંચતા કરવાના તથા ટેક્ષ સાથેના આપવાના રહેશે.

તલાટી કમ મંત્રીશ્રી, બાઢડા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા
વહીવટદારશ્રી, બાઢડા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા


**બેસણું, પાણીઢોળ, મુર્તિ પ્રતિષ્ઠા, ઉત્સવો, સ્નેહમિલન, લગ્ન કે અન્ય સમારોહ**
વખતે અમોને આમંત્રિત કરશોજી.
આંખો માટે ના કુદરતી ઉપાયો બતાવી સૌને ખુબ જ લાભપ્રદ
**આંખો ના આયુર્વેદિક ટીપા**
નિઃશુલ્ક આંજી આપીએ છીએ. આ ટીપાથી ચશ્મા, મોતીયો, વેલ, છારી વિ.માં તરત રાહત મળે છે
વિનુભાઇ છાશવાળા મો.૯૪૨૭૪ ૨૯૨૬૧
મો.૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૬૬૨૭ ૮૫૦૨૨

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫


### અંકલેશ્વરમાં ગણેશ વિસર્જન દરમિયાન પોલીસ બંદોબસ્તમાં કર્મી પર ચપ્પુ વડે હુમલો કરી અપશબ્દ બોલનારની ધરપકડ

### સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરવાના ગુનામાં જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલો : સ્પેશ્યલ પોકસો જજ શ્રી ડી.એસ.શ્રીવાસ્તવનો સિમાચિહ્નરૂપ ચુકાદો

# અમરેલીમાં બાળક સાથે કુકર્મ કરનાર મામાને ૨૦ વર્ષની કેદ

### ૨૦૨૨ માં ગજેરાપરામાં કુટુંબી મામાએ ૧૧ વર્ષનાં બાળકનું અપહરણ કરી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યુ હતુ : કેટરર્સનું કામ કરવા જતી માતાને પણ કળીયુગી કંસે ધમકી આપી હતી

### અમરેલીનાં તત્કાલીન ઇન્ચાર્જ પીઆઇ શ્રી મહેશ મોરીની ટીમે એકત્ર કરેલ સ્થળ ઉપરનાં પુરાવાઓ અને ડીએનએ ટેસ્ટ તથા મેડીકલ પુરાવાઓ આરોપી નિલેશ થળેસાને ભારે પડયા



અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલીમાં બે વર્ષ પહેલા ૧૧ વર્ષનાં કુટુંબી ભાણીયાને ઉઠાવી જઈ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરનાર હવસખોર શખ્સને અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટે જિલ્લા સરકારી વકીલની ધારદાર દલીલો અને રજુ કરાયેલા પુરાવાઓ ઉપરથી ૨૦વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને ભોગ બનનાર બાળકને૪લાખનુંવળતરચુકવવાઆદેશકર્યો છે.

આ બનાવની વિગતો એવા પ્રકારની છે કે તા. ૨૪-૪-૨૦૨૨ ના રોજ અમરેલીના ગજેરાપરા વિસ્તારમાં મંગળાબેન બાલમંદિર સામેની શેરીમાં રહેતા નિલો ઉર્ફે નિલેશ મગન થળેસા નામના શખ્સે તેમના કુટુંબીભાણીયાએવા ૧૧ વર્ષનાંબાળકનેતેના ઘેરથી પોતાના ખંઢેર જેવા બંધ રહેલા ઘરમાં લઈ જઈ અને બાળક પાસે મુખમૈથુન કરાવી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યુ હતુ એટલુ જ નહી પણ આ હવસખોર શખ્સે પોતાની કુટુંબી બહેન કે જે કેટરર્સમાં કામ કરતી હતી તેણે ઠપકો આપતા તેણીને કોઈને વાત કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

કુટુંબી હવસખોર ભાઈના કારનામાથી ચોંકી ઉઠેલ માતાએ પોતાના બાળકને ઉઠાવી જઈ તેની ઉપર નિલાએ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યુ હોવાનું અને પોતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે આઈપીસી ૩૭૭, પોકસો એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી એસપી શ્રી હિમકરસિંહનાં માર્ગદર્શનમાં તત્કાલીન પીઆઈ શ્રી મહેશ મોરી તથા રાઈટર શ્રી રમેશભાઈ વાળા અને પ્રકાશભાઈ ચૌહાણે તપાસ શરૂ કરી હતી બનાવના સ્થળેથી પોલીસે ફર્શ ઉપરથી નિશાન, હાથ રૂમાલ તથા એક કપડુ કબ્જે કરી ડીએનએ ટેસ્ટ માટે મોકલ્યુ હતુ જે આરોપી સાથે મેચ થયુ હતુ તદુપરાંત બાળકનું મેડીકલ પરીક્ષણ કરાતા તેમાં પણ બાળકને ગંભીર ઈજાઓ સામે આવતા આ પુરાવાઓ એકત્ર કરાયા હતા બાળકને ઉઠાવી તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરી રહેલા નિલેશને જોઈ જનાર પાડોશીના નિવેદન સહિતના પુરાવાઓ એકત્ર કરાયા હતા અને આ તમામ પુરાવાઓ સાથે જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદીએ સ્પેશ્યલ પોકસો જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવને આરોપીને કડકમાં કડક સજા કરવા માંગણી કરતા કોર્ટે આઈપીસી ૩૬૭ એટલે કે અપહરણમાં ૭ વર્ષની સખત કેદ અને ૧૦હજારનો દંડ, દંડ ન ભરે તો વધુ ૩ માસની કેદ તથા આઈપીસી ૩૭૭ તથા પોકસો એક્ટની કલમ ૪, ૬, ૮, ૧૦ તથા ૧૨ મુજબના ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ અને ૨૦હજારનો દંડ, દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા તથા બાળકને માર મારવાના ગુનો આઈપીસી ૩૨૩માં એક વર્ષની સખત કેદ તથા એક હજાર દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ફટકારી હતી.

# રાજુલા તાલુકાના ચોત્રા નજીક યુવકનો મૃતદેહ મળ્યો

### પોલીસએ લાશને ફોરેન્સિક રિપોર્ટ માટે ભાવનગર ખસેડી

અમરેલી, અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકાના ચોત્રા ગામ નજીક આવેલ વાડી વિસ્તારમાં મોડી રાતે શૈલેષ હકાભાઈ વાઘેલા નામના વ્યક્તિનો મૃતદેહ જોવા મળતા પોલીસને જાણ થતાં રાજુલા પી.આઈ. સહિત પોલીસ ઘટના સ્થળે પોહચી તપાસ હાથ ધરી ઉપરાંત મૃતકની લાશ રાજુલા હોસ્પિટલમાં પીએમ માટે ખસેડતા પરિવારજનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને



પરિવારજનોએ યુવકના મોત અંગે ઊંડાણ પૂર્વક તપાસ કરવા માટેની માંગણી કરી હતી પોલીસએ ગંભીરતા દાખવી ફોરેન્સિક રિપોટ માટે ભાવનગર લાશ ખસેડી છે ફોરેન્સિક રિપોટ બાદ સાચું કારણ જાણી શકાશે જોકે પોલીસએ હાલ અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. મૃતક યુવકની લાશ મળ્યા બાદ પોલીસએ ઘટના સ્થળે તપાસ હાથ ધર્યા બાદ પોલીસને યુવકએ આપઘાત કર્યાની આશંકા હાલ જય રહી છે જોકે પોલીસ ચારે તરફ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે ફોરેન્સિક રિપોટ બાદ સત્તાવાર રીતે પોલીસ કારણ જાહેર કરી શકે છે.

### વડાપ્રધાનશ્રી મોદીને પણ અમરેલી જિલ્લાએ પ્રથમ મુખ્યમંત્રીશ્રી તરીકે કામ કરવા પ્રેરણા આપી હતી

# અમરેલી જિલ્લાની પ્રજા વતી મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર પાઠવતા શ્રી વિરજીભાઇ ઠુમ્મર

### પત્રમાં અમરેલી જિલ્લાની સળગતી સમસ્યાઓનો સાર ઠાલવી અને વિવિધ પ્રશ્નો રજુ કરતા શ્રી ઠુમ્મર



અમરેલી,

અમરેલીના પુર્વ સાંસદ શ્રી વિરજીભાઈ ઠુમ્મરે અમરેલી જિલ્લાના પ્રવાસે આવી રહેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને અમરેલી જિલ્લાની જનતા વતી ખુલ્લો પત્ર પાઠવી જણાવેલ છે કે, રાજ્યનાં પ્રથમ મુખ્યમંત્રી ડો.જીવરાજ જીવરાજ મહેતા, ભોજાભગત, સંત મુળદાસજી, સ્વામીશ્રી ધર્મજીવનદાસજી, કૃષ્ણ વલ્લભાચાર્ય, દાન મહારાજ, ધારી તુલશીશ્યામ, પાંચાળ ભુમિ, ભુરખીયા, શાહગોરા પીર, કવિ કલાપી, હમીરસિંહજી ગોહીલ જેવા રત્નોની ખાણ અને જુનાગઢ નવાબને ભારતમાંથી હકાલી કાઢવાનું કામ કરનારો જિલ્લો પણ અમરેલી. થોડો પણ અન્યાય થાય તો રાજાઓની સામે બહારવટું ખેનલાર ભુપત બારવટીયા હોય કે રામ વાળા કે જોગીદાસ ખુમાણ જેવા નાના-મોટા આંદોલન કારી સત્ય માટે બહારવટું ખેલીને પ્રજાને ન્યાય આપવા માટેના ઈતિહાસ ઉમદા પ્રયાસો, દેશના ખેડુતો માટેની સંસ્થા IFFCO દેશની એક ટોચની સંસ્થા કે જેનું પ્રતિનિધિત્વ અમરેલી જિલ્લામાથી થઈ રહ્યું છે. કેન્દ્રીય મંત્રીશ્રીઓ તેમજ રાજ્યનાં મંત્રીશ્રીઓ પણ આ જિલ્લામાંથી દિલ્હીમાં કામ કરી ચુક્યાં છે. વડાપ્રધાન ને પણ વડાપ્રધાન તરીકે કામ કરવા અમરેલી જિલ્લામાં પ્રથમ મુખ્યમંત્રીશ્રી તરીકે કામ કરવા પ્રેરણા આપી, પુર્વ સાંસદશ્રી, પુર્વ ધારાસભ્યશ્રી, પુર્વ જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રીઓ અને હાલનાં ચુંટાયેલા પ્રતિનિધિઓ પણ આ જિલ્લાને ન્યાય આપવા માટે પ્રયાસો વત્તા-ઓછા અંશે કરતા રહ્યા છે. છતાંય જિલ્લાને ન્યાયમાં ક્યાંક ને ક્યાંક બાધા આવી રહી છે તેથી આ પત્ર લખવા પ્રેરાઈ રહ્યો છું. તેમાં જિલ્લાને લગતા આ પ્રમાણેનાં પ્રશ્નોનું તાકીદે નિરાકરણ આવે તે માટે આપના તરફથી ત્વરીત નિર્ણય થવા વિનંતી છે.

(૧) રાજુલા-જાફરાબાદ પીપાવાવની પવિત્ર ભુમિ, હું જ્યારે સાંસદ હતો ત્યારે પાર્લામેન્ટમાં બિનસરકારી સંકલ્પમાં ડ્રો થયો અને મને ચાન્સ મળ્યો, રૂલીંગ પાર્ટીનાં સાંસદ હોવા છતાં એ સમયનાં વડાપ્રધાનશ્રી પાસે અને પેટ્રોલીયમ પ્રધાન પાસે ગેસનું એલોકેશન આપવા માટે ખાત્રી લીધી તે પીપાવાવ ગેસ આધારીત વિદ્યુત મળતી તાકીદે કાર્યરત થાય જે જિલ્લાનાં વિકાસ માટેનો મહત્વનો પ્રશ્ન દિલ્હી સાથેનાં રાજ્યનાં પડતર પ્રશ્નોમાં અગ્રતા અપાવી નિરાકરણ લાવવા મારી વિનંતી.

(૨) રાજુલાથી સુરત રોરો સર્વિસ ચાલુ કરવા અનેક વખત પ્રયાસો કર્યા છતાપણ પ્રશ્ન અધરતાલ છે. હિરા ઉદ્યોગ સાથે જોડાયેલ જિલ્લો હોઈ તાકીદે પ્રશ્ન હલ થાય તે માટે વિનંતી.

(૩) સિંચાઈ પ્રધાન દેશમાં ગુજરાતમાંથી તક મળી છે ત્યારે અમરેલી જિલ્લાની તત્કાલીન ધારાસભ્ય તરીકે સાંથલી સિંચાઈ માટે અનેક વખત રજુઆત કરી ચુક્યો છું તે પ્રશ્નનું નિરાકરણ લાવવા રાજ્યનાં મહત્વનાં પ્રશ્ન તરીકે અગ્રતા આપવા વિનંતી.

૪) અમરેલી થી અમદાવાદ જતાં નેશનલ હાઈ-વેની મંજુરી મળી ચુકી છે તે તાકીદે કાર્યરત થાય, ધોળા જંકશનમાં ખુબજ ટ્રાફીક થાય છે તે ધોળાનો રેલ્વે ઓવરબ્રીજ મંજુર થઈ ચુક્યો છે હાલ પુરતી કામગીરી ઠપ છે તે ઝડપથી પુર્ણ થાય અને વાહનચાલકોને ઘણા લાંબા સમય હેરાન થવું પડે છે તેમાંથી મુક્તિ મળે તેથી નિરાકરણ લાવવું જરૂરી છે.

(૫) સૌરાષ્ટ્રમાં રેલ્વેનો મોટામાં મોટો અન્યાય પામતો જિલ્લો અમરેલી જિલ્લો છે. હું જ્યારે સાંસદ હતો ત્યારે ઢસા જંકશન બ્રોડગેજ રૂપાંતર કરવા માટે બજેટમાં મુકાઈ જે ટ્રેક ચાલુ થઈ ચુક્યો છે. બોટાદ થી ગાંધીધામ અગાઉના સમયમાં સોમનાથ મેલ બ્રોડગેજ સગવડતા મળતી, અમરેલી શહેરને ખીજડીયા સુધી બ્રોડગેજ રૂપાંતરનું કામ ચાલી રહ્યું છે. તો કચ્છને મળેલી મેટ્રો ટ્રેન સૌરાષ્ટ્રમાં હવેના ક્રમે અમરેલીને મળે તે માટેની અમરેલીનાં લોકોની લાગણીને સ્વીકારી અગ્રતા આપવા મારી વિનંતી છે.

સાથો-સાથ સોમનાથ-કુંકાવાવ જે ઢસા બોટાદ રેલ્વે ટ્રેક કાર્યરત છે તેમાં પણ પેસેન્જર ટ્રેનો અને દેશની સાથે જોડાઈ તેવી દિલ્હી મુંબઈ ટ્રેનો કાર્યરત થાય તે માટે પણ ગુજરાતનાં પડતર પ્રશ્નોમાં અગ્રતા ક્રમે સમાવેશ કરવા વિનંતી છે. હાલ સોમનાથ-બનારસ ટ્રેનનો સારો લાભ મળતો થયો છે તેમાં પણ અમરેલી જિલ્લાનાં લોકોને થોડો ઘણો સંતોષ થયો છે વધારે ન્યાય આપવા માટે ઉમદા પ્રયાસો કરશો તેવી વિનંતી છે.

(૬) રાજ્ય લેવલનાં રસ્તાઓનાં પ્રશ્નો અંગેનો નપ્લાન રસ્તાઓ જે મંજુર થયા છે તે કોઈનાં કોઈ કારણોસર સામાન્ય વિવાદમાં અટકી પડયા હોય તે તમામ કામો આગળ વધારીને પુર્ણ કરવામાં આવે, વધતા જતાં પેટ્રોલ-ડીઝલ નાં ભાવમાં લોકોને સગવડતા મળી શકે છે.

(૭) સિંચાઈ યોજનામાં અગાઉ બનેલા ડેમો હાલ તો વરસાદ થી ભરાયા છે પરંતુ વડી ડેમ ઓછા વરસાદનાં કારણે ભરાયો નથી. સૌની યોજના મારફત આ ડેમને પણ ભરાવી દેવા માટે પ્રશ્નને અગ્રતા મળે તે માટે મારી ખેડુતો વતી માંગણી છે.

(૮) રાનીપશુઓ રોઝ, નિલગાય, ભુંડ નો દિન-પ્રતિદિન ત્રાસ વધતો જાય છે. ખેત પાકને ખુબજ નુકશાન કરેલ છે તેમાંથી મુક્તિ મળે તે માટે અને ખેડુતોને મુશ્કેલી ન થાય તે બાબતની કોઈ યોજના વિચારી રાની પશુઓનાં ત્રાસ માંથી મુક્તિ અપાવવા મારી માંગણી છે.

(૯) વિજળી ક્ષેત્રે ગુજરાત વિદ્યુત બોર્ડ અમલમાં હતું ત્યારે તે વખતની સરકારે ૪૦૦ કે.વી. માચીયાળા માં સબસ્ટેશન આપ્યું છે અને ત્યારબાદ ૨૨૦ કે.વી. નું સબસ્ટેશન બાબરા તાલુકાનાં ચરખા ખાતે સ્થપાયું છે. પશુપાલકોનો ભારે-મોટો વિવાદ હોવા છતાં સમાધાન કાઢી વલણ અપનાવી આ પ્રશ્ન હલ કરાવી હાલ કાર્યરત થયેલ છે તેનો પણ વિજળીમાં અમરેલી જિલ્લાને ન્યાય મળતો થાય અને નાના-મોટી ટેકનીકલ કોઈ મુશ્કેલી હોય તેનો પણ નિરાકરણ કરી ખેડુતો, વેપારીઓ, ઉદ્યોગકારો વિજળીથી વંચિત ન રહે તે પ્રશ્નને અગ્રતા આપવા મારી માંગણી છે.

(૧૦) બસપોર્ટના ઉદ્ઘાટન કરી રહ્યા છો તેવા સમાચાર પ્રેસ મિડીયા તરફથી મળી રહ્યા છે તેનો લાભ જિલ્લાની પ્રજાને મળે પરંતુ તાલુકા લેવલેના એસ.ટી. ડેપોનાં કામો બાકી હોય તેને પણ તાકીદે પુર્ણ કરાવવા વિનંતી છે.

(૧૧) હિરા સાથે જોડાયેલો જિલ્લો અમરેલી મુખ્ય જિલ્લો ગણાઈ છે, હિરા કારીગરોને પણ મંદીમાં અસર ન પડે અને આત્મવિલોપન દિન-પ્રતિદિન વધી રહ્યા છે તેને બદલે અમરેલી જિલ્લામાં નાના-મોટા ઉદ્યોગો સ્થપાઈ અને તેનું પર્યાવરણને પણ નુકશાન ન થાય તે બાબતોને આવકારીએ છીએ. સાથોસાથ અમરેલી જિલ્લામાં એજન્સીની તકો ઉભી થાય તે બાબતમાં પણ જિલ્લાને ન્યાય મળવા માંગણી છે.

(૧૨) અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સરકારી જમીન માંથી શિક્ષણનું એક સંકુલ સ્થપાયું છે તેનો લાભ જિલ્લાની અનેક દિકરીઓને મળી રહ્યો છે. શિક્ષણક્ષેત્રે પ્રાઈવેટાઈઝેશન વધી રહ્યું છે તેને બદલે સરકારી સારૂ શિક્ષણ મળે અને સમાજલક્ષી સંકુલ સ્થપાઈ રહ્યા છે અન્ય કોઈ સંકુલ સ્થાપી અને શિક્ષણક્ષેત્રે ગાયકવાડ સરકારી અને ગોંડલ સ્ટેટની નીતિ પ્રમાણે ફરજીયાત શિક્ષણ અપાઈ તે માટે અમરેલી જિલ્લામાં એક અનુરૂપ દાખલા રૂપ સરકારી ધોરણે જરૂરી નિર્ણય કરવા રજુઆત સહ માંગણી છે. આ બાબતે અમોને બોલાવીને કોઈ મીટીંગ કરવામાં આવે તો તમામે સુચના આપી ન્યાય માટે રાજકરણ ને બાજુમાં રાખીને સહકારી ક્ષેત્રમાં નમુનારૂપ કામગીરી થઈ રહી છે તેવી ભવિષ્યમાં શિક્ષણક્ષેત્રે



કામગીરી કરવા માટે પણ જરૂરીયાત લાગી રહી છે.

(૧૩) નગરપાલિકા અને શહેરી ટાઉન પ્લેસમાં નાના વેપારીઓ ન દંડાઈ અને પોતાના ધંધા-રોજગાર સારી રીતે ચલાવી શકે તે માટે નગરપાલિકાઓને ગ્રાન્ટરૂપી સહાય આપી રોજગારલક્ષી ધંધાઓ ઉભા કરવા માટે નગરપાલિકાને પણ ન્યાય મળે તેવી મારી માંગણી છે. નગરપાલિકાને પાણી અને રસ્તા તેમજ ગંદકીમાંથી ન્યાય મળે તે માટે ગટર બનાવવાની બાકી હોય તેને અગ્રતા આપવા મારી માંગણી છે.

(૧૪) ગામડાઓમાં ખેડુતોને કોમ્પ્યુટર સહાય ફ.ભ.ઈ. દ્વારા સગવડતા મળી રહી છે પરંતુ પગાર અને કમીશન થી વંચિત રહેતા ફ.ભ.ઈ. ને ન્યાય મળે અને ગામડાના સામાન્ય લોકોને જિલ્લા મથકે અને તાલુકા મથકે ધક્કા ઓછા થાય તે માટે ફ.ભ.ઈ. ની પોષ્ટ મજબુત બનાવી તેઓ કાર્ય કરી શકે તે માટે પગારથી વંચિત રહ્યા છે તેવા ફ.ભ.ઈ. ન્યાય આપવા મારી માંગણી છે.

(૧૫) આરોગ્ય ક્ષેત્રે ખુબજ મુશ્કેલી પ્રવર્તિ રહી છે ં લ્લભ ભલ્લભ સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ખાલી જગ્યાં પુરાઈ તેવી માંગણી છે.

(૧૬) ડ્રગ્સ, દારૂ, રેતી ખનન ની પ્રવૃતિ દિન-પ્રતિદિન વધતી જાય છે. જરૂરી આદેશો આપશો તેવી આ પત્રથી રજુઆત છે.

ટુકમાં અમરેલી જિલ્લાએ રાજયને પ્રથમ મુખ્યમંત્રી આપ્યા છે સંતો મહંતોની ભુમિનો જિલ્લો કાઠીયાવાડ કોઈ દિ' ભુલો પડ ભગવાન એ નાના રજવાડાનાં જિલ્લા એવો અમરેલી જિલ્લો, આ જિલ્લાને શિસ્તના નામે કે અન્ય કોઈ કારણોસર અમે રાજકીય પદાધિકારીઓ ઈચ્છા હોવા છતાં જિલ્લાની પ્રજાની ઈચ્છા પરીપુર્ણ કરી શકયા ન હોય તે તમામ બાબતોને ધ્યાને લઈ રાજ્યનો મહત્વનો જિલ્લો અને તે માટે કોઈ મહત્વની યોજનાઓ જિલ્લાને આપશો તેવી વિનંતી સાથે આ પત્રથી રજુઆત કરૂં છું. તેમ અંતમાં શ્રી ઠુમ્મરે જણાવેલ છે.

૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ
Haier VOLTAS BLUE STAR Rockwell HI-FROST
■ સરળ હપ્તાની સુવિધા
■ એક્સચેન્જ ઓફર
■ કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ
કંપની માન્ય ઓથૉ. ડીલર :
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭




એડી. સિવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ - કોર્ટ અમરેલી રૂમ નં.૨૨૪

રે.દિ.મુ.નં.૧૦૩/૨૦૨૪

મુદત તારીખ : ૧૧-૧૦-૨૦૨૪

પી.જી.વી.સી.એલ. સબ ડિવીઝન કચેરી, અમરેલી....................વાદી

વિરૂધ્ધ :.....................................

ઇરફાનભાઇ સતારભાઇ ઘોઘારી રહે.મેમણ કોલોની સામે, નાનભાઇ બીલખીયાની પાસે, બટારવાડી અમરેલી, તા.જી.અમરેલી..........................પ્રતિવાદી

**-:: જાહેર નોટીસ ::-**

આથી ઉપર મુજબની દાવાના કામે પ્રતિવાદીને આ જાહેર સમન્સ આપવામાં આવે છે કે, માલુમ થાય કે જે પ્રતિવાદીને જણાવવાનું કે આ કામના વાદીએ તમારા ઉપર દાવો કરેલ છે માટે તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે મુ.તા.૧૧-૧૦-૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે સદરહુ દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમારે જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમોની હકીકત બરાબર સમજાવી હોય, તથા જે એ દઇ શકે તેવા બીજા શખ્સને તે પ્લીડર સાથે રાખીને તે પ્લીડર મારફતે હાજર રહેવુ / થવુ. માટે તે દિવસે તમારે તમારા સઘળા લેખીત પુરાવા જેના ઉપર તમો તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઇ રહેવુ. અને તમોને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે / મુદતે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરીમાં એ દાવો સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે. વળી તમોને આ નોટીસ આપવામાં આવે છે કે નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાની કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા.૧૮ માહે સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| પી.સી.રાઠોડ | એમ.કે.મકવાણા | કોર્ટનો સિક્કો | જે.એ.જોષી |
| આસીસ્ટન્ટ | સિનિ.કલાર્ક | | રજીસ્ટ્રાર |
| એડી.સિવીલ કોર્ટ અમરેલી | એડી.સિવીલ કોર્ટ અમરેલી | | પ્રિન્સી.સિનિયર સિવીલ કોર્ટ અમરેલી |




**-:: જાહેર નોટીસ ::-**

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે અમરેલી ગામે લાઠી રોડ રસ્તે આવેલ સ.નં.૧૪૮ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ 'યોગીનગર' નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૧૧૯/૦૧ ની જમીન ચો.મી. ૮૦-૦૦ વાળી મિલ્કત બાબતે ભાનુબેન જયરાજભાઇ પરમાર સદરહુ મિલ્કત ઉપર એસ.બી.આઇ. માંથી લોન / ધિરાણ / મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહુ મિલ્કતના ટાઇટલ ડીડઝ રજુ કરેલ છે જે દસ્તાવેજી લેખોમાં નીચે મુજબના સબંધીત કુલમુખત્યારનામા ની નકલ રજુ થયેલ છે.

(૧) શ્રી ઘનશ્યામભાઇ ખીમજીભાઇ સેંજલીયાના કુલમુખત્યાર મનસુખલાલ ગાંડાલાલ જોષીએ તા.૧૬-૧૧-૨૦૦૪ ના દસ્તાવેજ નં.૨૮૩૧ માં કરી આપેલ લેખ સબંધેના તા.૧૪-૦૭-૧૯૯૭ ના રોજના કુલમુખત્યારનામાની નકલ

(૨) શ્રીમતી ધરાબેન માધવભાઇ દવેના કુલમુખત્યાર મનિષભાઇ કિશોરભાઇ દવેએ તા.૧૭-૦૭-૨૦૧૦ ના દસ્તાવેજ નં.૧૧૪૫ માં કરી આપેલ લેખ સબંધેના તા.૩૦-૦૩-૨૦૧૦ ના રોજના કુલમુખત્યારનામાની નકલ

સબબ ઉપરોક્ત લેખ સબંધે તથા કુલમુખત્યારનામા અન્વયે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઇપણ ભાગ અન્વયે કોઇપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યક્તિનો કે કોઇપણનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૩ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇ વાંધા તકરાર આવશે નહી તો સદરહુ મિલ્કત પરત્વે કોઇને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહુ મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઇ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર એસ.બી.આઇ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

દેવેન્દ્રકુમાર સી.ખંભોળીયા - એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુ.નં.૧૩, સિવીલ
હોસ્પિટલ રોડ, અમરેલી મો.૯૮૨૫૫ ૨૭૧૦૧







શ્યામ
આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦
: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦

AVADH TIMES DAILY

સત્યમેવ જયતે

અવધ ટાઇમ્સ

તા.૧૯-૦૯-૨૦૨૪ ગુરૂવાર

# નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે ચતુર ને ખેલાડી નીતિન ગડકરીનું નામ ગાજી રહ્યું છે

મોદી પર કોઈક દબાણ હોય એમ પશ્ચિમી મીડિયા માને છે. એને કારણે એશિયન અખબારી આલમમાં સંખ્યાબંધ અહેવાલો છપાઈ રહ્યા છે. ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ચર્ચા ચોતરફ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસને સાંકળીને ભારતીય જનતા પક્ષે સેવા પખવાડિયું ઉજવવાનું શરૂ કર્યું છે, તેવા જ સમયે ભાજપમાં નરેન્દ્ર મોદી પછી કોણ? તેની ચર્ચા મહારાષ્ટ્રથી શરૂ થઈને છેક દેશની રાજધાની સુધી પહોંચી ગઈ છે.

કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી તત્કાળ રાજીનામું આપતા અને બે-પાંચ મહિનામાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પોતે જનાદેશ મેળવીને જ ફરીથી મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે, તેવી જાહેરાત કરતા, પરોક્ષ રીતે સુપ્રિમ કોર્ટની 'કન્ડીશન્સ'ને ચેલેન્જ અપાઈ હોવાની ચર્ચા થઈ રહી છે, અને હરિયાણા, મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીરની સાથે દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજવાનો પડકાર ફેંકીને કેજરીવાલે માસ્ટર સ્ટોક માર્યો હોવાના તારણ પણ નીકળી રહ્યા છે.

બીજી તરફ વર્ષ ૨૦૨૧ માં કોરોનાના કારણે નહીં થઈ શકેલી વસતિગણતરી રૂપિયા બાર હજાર કરોડ જેટલા ખર્ચે ટૂંક સમયમાં થશે, અને તેમાં જ મહિલાઓની સંખ્યાને ધ્યાને લઈને મહિલા અનામતના લક્ષ્યને સિદ્ધ કરવાનો પ્રયાસ કરાશે, તો લોકોને આ વખતે વસતિ ગણતરીમાં ૩૦થી વધુ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે, તેવી ચર્ચા વચ્ચે એવા સંકેતો પણ મળી રહ્યા છે કે પ્રશ્નાવલીમાં જ એવા પ્રશ્નો ઉમેરી દેવાશે, જેથી વિપક્ષોની જાતિ આધારિત જનગણનાની માંગણીનો છેદ જ ઊઠી જશે... જોઈએ, હવે શું થાય છે તે...!આ દરમિયાન વન નેશન વન ઈલેક્શનની ચર્ચાએ પણ જોર પકડ્યું છે, જે ઘણું જ સૂચક છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે ગ્રુપના બોલકા નેતાએ ભાજપના એક વરિષ્ઠ મહારાષ્ટ્રીયન નેતાનું જાહેરમાં સમર્થન કરીને અચંબો સર્જી દીધો છે. ભૂતકાળમાં ભાજપ-શિવસેના એક હતા, ત્યારે મોદીભક્ત ગણાતા અને અત્યારે તેના ઘોર વિરોધી બની ગયેલા સંજય રાઉતે કહ્યું કે મહારાષ્ટ્ર ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી ભાજપના સર્વમાન્ય નેતા છે, અને તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકલ્પ તરીકે જોવામાં આવતા હોય, તો તેમાં કોઈ ખોટું નથી!... ગડકરી અંગેના આ નિવેદનના પ્રત્યાઘાતો છેક દેશની રાજધાની દિલ્હી સુધી પડ્યા છે.

હકીકતે પી.એમ. મોદીના રાજકીય ઉત્તરાધિકારી તરીકે નીતિન ગડકરીનું નામ ફરીથી ચર્ચામાં આવ્યું છે. અત્યાર સુધી તો માત્ર રાજકીય ચર્ચાઓમાં જ આ મુદ્દો ચર્ચાતો હતો, પરંતુ હવે ખુદ ગડકરીએ જ જાહેર મંચ પરથી કહ્યું કે તેઓને પદની કોઈ લાલચ નથી. એક વિપક્ષી વરિષ્ઠ નેતાએ તેને વડાપ્રધાન પદ માટે સમર્થન આપવાની તૈયારી બતાવી હતી, પરંતુ તેમણે (ગડકરીએ) ઈન્કાર કર્યો હતો. ગડકરીએ ઓફર કરનાર નેતાનું નામ તો લીધું નહોતું, પરંતુ તેઓ કોઈ પદની લાલચમાં ભાજપ સાથે ગદ્દારી નહીં કરે, તેવા પ્રકારની વાત કરી હતી. તે પછી આ મુદ્દો દેશવ્યાપી ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કોઈ કહે છે કે આ રીતે ગડકરીએ સ્વયં એવું ગતકડું વહેતું મૂક્યું છે, જે 'મોદી પછી કોણ?'ની અટકળોમાં અત્યાર સુધી ચર્ચાતા ત્રણ નામોને ચેલેન્જ કરે છે. આ ત્રણ નામ ક્યા ક્યા છે, તે અંગે પણ જબરદસ્ત ચર્ચા છે, પરંતુ મોટાભાગે મોદીના રાજકીય ઉત્તરાધિકારી તરીકે પ્રથમ અમિત શાહ, દ્વિતીય યોગી આદિત્યનાથ અને તૃતીય ક્રમે રાજનાથસિંહનું નામ ચર્ચાય છે. બીજી તરફ સ્વયં મોદી તો 'વર્ષ' ૨૦૨૯ માં પણ પોતે જ મેદાનમાં હશે, તેવા સંકેતો આપી રહ્યા છે!!!'

'આ તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા, તે પછી પહેલી વખત ગઈકાલથી ગુજરાતની મુલાકાતે પહોંચ્યા છે. ગઈકાલે વડસર પહોંચ્યા અને એરફોર્સના કાર્યક્રમમાં હાજરી આપ્યા પછી તેઓના રાજભવનમાં રાત્રિ રોકાણ દરમિયાન મુખ્યમંત્રી અને મંત્રીઓ તથા ભાજપની પ્રાદેશિક નેતાગીરી સાથે સ્વાભાવિક રીતે જ રાજકીય ગૂફ્તેગુ પણ થઈ જ હશે ને? આજે પણ તેઓના ભરચક્ક કાર્યક્રમો હોવાથી તેઓ જ પ્રેસ-મીડિયા-સોશ્યલ મીડિયામાં છવાયેલા છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૪ વર્ષના થયા અને ૧૭ સપ્ટેમ્બરથી ગાંધી જયંતી એટલે કે બીજી ઓક્ટોબર સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મહાત્મા ગાંધીજીના જન્મ દિવસોને સાંકળીને ઉજવાઈ રહેલા સેવા પખવાડિયાના અહેવાલોની સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન-કવનને જે રીતે પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે, તે વર્ષ ૨૦૧૩ માં તેઓ જ્યારે ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર ઘોષિત થયા હતાં તેની યાદ તાજી કરાવી રહ્યું હોય તેમ લાગે છે. લોકસભાની ચૂંટણીમાં ધારણા મુજબની બેઠકો ભાજપને મળી નહીં. તે પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'ઢીલા' પડી ગયા હોવાના વિપક્ષી નેતાઓના આક્ષેપો વચ્ચે આ પ્રકારની પ્રસ્તુતિ પુનઃ ઈમેજ બિલ્ડીંગ માટેનો પ્રયાસ હોવાના અભિપ્રાયો પણ વ્યક્ત થઈ રહ્યા છે. આજના દિવસે દેશની રાજનીતિના કેન્દ્રમાં રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બન્ને માટે 'ઈમેજ બિલ્ડીંગ'ના પ્રયાસો તેઓની પાર્ટી તથા સમર્થકો દ્વારા કરવામાં આવી રહ્યા છે, તેવું માનનારા લોકો એવું પણ કહે છે કે ચંપઈ સોરેનના દૃષ્ટાંત પછી દિલ્હીમાં 'કામચલાઉ' મુખ્યમંત્રી બનનાર નેતા જ ભવિષ્યમાં ઘોર વિરોધી બની ન જાય, તે માટે આમ આદમી પાર્ટી દિલ્હીની ચૂંટણી સુધી 'વચગાળા'ના મંત્રી તરીકે પાર્ટી ઉપરાંત કેજરીવાલને વ્યક્તિગત રીતે પણ વફાદાર (રબ્બર સ્ટેમ્પ) નેતાને જ મૂકશે, અથવા પાર્ટી તથા ધારાસભ્યોના અત્યંત આગ્રહને માન આપીને સુનિતાબેન કેજરીવાલને જ મુખ્યમંત્રી બનાવી દેશે, જેથી કરોડોના ખર્ચે બનાવેલું સી.એમ. હાઉસ ખાલી ન કરવું પડે!!

કેજરીવાલે હરિયાણાના બદલે પહેલા દિલ્હીની ચૂંટણીની જ વાત કરી અને તેના પર જ વધુ ભાર મૂક્યો, તે પણ ઘણો જ સૂચક છે. કોંગ્રેસના નેતાઓ પણ કેજરીવાલનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો છે, અને ભાજપના તાનાશાહીથી કંટાળેલી જનતા હવે હરિયાણા પછી દિલ્હીમાં પણ જનાદેશ આપશે તેવો દાવો કરી રહ્યા છે, તની સાથે દિલ્હીમાં પ્રચંડ બહુમત મળે તે સુપ્રિમ કોર્ટની શરતો હટી જાય ખરી? તેવા પ્રશ્નો પણ ચર્ચાઈ રહ્યા છે.'

કાકા ભત્રીજા ડેમમાં ન્હાતા હતા ત્યાંથી બહાર નીકળવાનું કહી

# ખાંભાના બારમણ ગામે રાયડી ડેમે કાકા અને ભત્રીજા ઉપર હુમલો કર્યો

**જુની કાતરના બે શખ્સોએ ઢીકાપાટુંનો મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા તાલુકાના બારમણ ગામે આવેલ રાયડી ડેમે લલિતભાઈ કાનાભાઈ વાળા ઉ.વ. ૩૨ અને તેના કાકા રાયડી ડેમે ન્હાતા હતા. તે વખતે જુની કાતર ગામના લાલા કાળાભાઈ શીયાળ, જયસુખ રામભાઈ સાંખટ સહિત અન્ય લોકો ગણપતિ વિસર્જન કરવા માટે આવેલ હોય. તે દરમ્યાન જે જગ્યાએ કાકા ભત્રીજા ન્હાતા હતા. તે જગ્યાએ જઈને લાલા તથા જયસુખે પાણીમાંથી બહાર નીકળવાનું કહી ગાળો બોલી કાકા ભત્રીજાને ઢીકાપાટું અને ઝાપટ મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

# બગસરા નજીક પીઠડીયા ગામે સગીરાને વાલીપણામાંથી ભગાડી જતાં ફરિયાદ

**પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતી સગીરાને વડિયાના વિશાલ વિક્રમભાઈ બદાણીયા સગીર વયની અને અણસમજુ હોવાનું જાણવા છતા ભોળપણાનો લાભ લઈ પોતાની પ્રેમજાળમાં ફસાવી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી વાલીપણામાંથી ભગાડી ગયાની સગીરાના પિતાએ બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં પરીવારજનો વચ્ચે મારામારી

**છરી ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા લુહાર વાડી પાસે અસ્મિનબેન બાસીતભાઈ ચૌહાણ ઉ.વ. ૨૫ ના સસરા ત્રણ ભાઈઓ હોય. અને ત્રણેય ભાઈઓની સંયુકત જમીનમાં પ્લોટ પાડેલ હોય. તેની ભાઈઓ ભાગની સરખી વહેંચણી કરી આપેલ ન હોય. અને અસ્મિનબેનના કાકાજી સસરા સાથે અગાઉ બેઠક કરેલ. તેમ છતા આ વહેંચણી કરેલ ન હોય. જે મનદુખ રાખી સમીર રજાકભાઈ, નયુમ રજાકભાઈ ચૌહાણે અસ્મિનબેનને ગાળો બોલી છરી વડે પતિ બાસીકભાઈને છાતી તથા પેટના ભાગે છરી મારી ગંભીર ઈજા કરી સમીરે અસ્મિનબેનને ઢીકાપાટું વડે મુંઢમાર મારી પતિ પત્નિને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે સમીરભાઈ રજાકભાઈ ચૌહાણના બાપુજી સહિત ત્રણ ભાઈઓ હોય. અને ત્રણે ભાઈઓની સંયુકત જમીન આવેલ હોય. તેમાં પ્લોટ પાડેલ હોય. તેની સરખા ભાઈઓ ભાગની વહેંચણી કરી આપેલ હોય. તેમ છતા સમીરભાઈ પાસે બાસીત બાબુભાઈ ચૌહાણે પ્લોટની માંગણી કરતો હોય. જે મનદુઃખ રાખી સમીરભાઈ તથા તેના ભાઈને બાસીતે ગાળો આપી સમીરભાઈને માથામાં છરી મારી તેના ભાઈને ઢીકાપાટુંનો મુંઢમાર માર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કર્ણુકી ગામે દિકરીને સાસરીયાઓએ ત્રાસ આપી મરી જવા માટે મજબુર કરી

**દિકરીના પિતાએ સાસરીયાઓએ ત્રાસ આપી મરી જવા મજબુર કર્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બાબરા તાલુકાના કર્ણુકી ગામે ચોટીલા તાલુકાના ઢોકળવા ગામે રહેતા છનાભાઈ વીરાભાઈ ઝાપડીયાની દિકરીના લગ્ન પાંચેક મહિના પહેલા બાબરા તાલુકાના કર્ણુકી ગામે વિજય વલ્લભભાઈ રોજાસરા સાથે થયેલ હોય. અને લગ્ન બાદ તેમના પતિ સાસુ સસરા સાથે સંયુકત કુટુંબમાં રહેતા હોય. શરૂઆતના બે મહિના દિકરીને સારી રીતે રાખેલ. અને ત્યારબાદ પતિ વિજય, સાસુ મંજુબેને ઘરકામ અને ખેતી કામ પ્રશ્ને અવાર નવાર મેણા ટોણા મારી ઢીકાપાટું વડે મારમારી શારીરીક અને માનસિક દુઃખ ત્રાસ આપી મરી જવા મજબુર કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની છનાભાઈ ઝાપડીયાએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરાના વલારડી ગામની સીમમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાઇ ગયા

**પોલિસે દરોડો પાડી જામેલી બાજી ઉંધી વાળી રૂા.૧૭ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો**




અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

બાબરા તાલુકાના વલારડી ગામની સીમમાં તળાવી તરીકે ઓળખાતી સીમમાં જીવરાજભાઈ ઉકાભાઈ કાવઠીયાની વાડી પાસે જાહેરમાં હારજીતનો જુગાર રમતા રાજેન્દ્ર હીરાલાલભાઈ જોષી, ભીમજી નાગજીભાઈ કાવઠીયા, રણછોડ વશરામભાઈ કુકડીયા, હિંમત ધનજીભાઈ રાઠોડ, મયુર હરસુરભાઈ ડેર, રાજેશ મોહનભાઈ રાઠોડને અમરેલી એલ.સી.ના પો.કોન્સ. રાહુલકુમાર ઢાપાએ રોકડ રૂ/.૧૭,૮૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# ખાંભાના બારમણમાં ગણપતિ વિસર્જન વખતે ઢીકાપાટુંનો મારમાયાની ફરિયાદ

**ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ દાખલ થઇ**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

ખાંભા તાલુકાના બારમણ ગામે આવેલ રાયડી ડેમે લલિતભાઈ કાનાભાઈ વાળા ઉ.વ. ૩૨ અને તેના કાકા રાયડી ડેમે ન્હાતા હતા. તે વખતે જુની કાતર ગામના લાલા કાળાભાઈ શીયાળ, જયસુખ રામભાઈ સાંખટ સહિત અન્ય લોકો ગણપતિ વિસર્જન કરવા માટે આવેલ હોય. તે દરમ્યાન જે જગ્યાએ કાકા ભત્રીજા ન્હાતા હતા. તે જગ્યાએ જઈને લાલા તથા જયસુખે પાણીમાંથી બહાર નીકળવાનું કહી ગાળો બોલી કાકા ભત્રીજાને ઢીકાપાટું અને ઝાપટ મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

## સુરતમાં બંદોબસ્ત દરમિયાન પોલીસની બેદરકારીના કારણે લોડેડ પિસ્તોલ ચોરાઇ

# બાબરામાં સગીરાનું કોઇ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા મોત

**સગીરાનું ઝેરી અસર થતા સારવાર દરમિયાન મોત નિપજયું**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

બાબરા કરીયાણા રોડ આંબેડકર નગરમાં રહેતી નંદિનીબેન મુકેશભાઈ મારૂ ઉ.વ. ૧૫ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘરમાં પડેલ ઘઉંમા નાખવાનો ઝેરી પાવડર પી જતા ઝેરી અસર થતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પિતા મુકેશભાઈ મારૂએ બાબરા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# દામનગરમાં પાણીપુરીના ધંધાર્થી ઉપર હુમલો કર્યો

**ભીંગરાડના શખ્સે માથાકુટ કરી મારમાર્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) દામનગર અજમેરા શોપીંગ સામે સરસ પાણીપુરીની લારીએ ભીંગરાડ ગામના હરીયો નામના શખ્સે આવીને પાણીપુરીના ધંધાર્થી રામજીવન રામચરણ નિશાદને પાણીપુરીની ડીશમાં વધુ ડુંગળી નાખવા પ્રશ્ને માથાકુટ કરી રામજીવન નીશાદને ગાલ ઉપર લાફો મારી બીજા લાફો નાકની ઉપરના ભાગે મારી મુંઢ ઈજા કરી ગુનો કર્યાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં નાસ્તો લેવાનું કહીને યુવતિ ગુમ

અમરેલી,

સાવરકુંડલામાં રહેતી યુવતિ પોતાના ઘરેથી નાસ્તો લેવા જવાનું કહી કોઈને કહયા વગર જતી રહી આજદિન સુધી મળી ન આવતા ગુમ થયાનું યુવતિના પિતાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી જીલ્લામાં એક વાહન ચાલક સહિત આઠ નસેડીઓ ઝડપાઈ ગયા

**જિલ્લામાં પોલિસે જુદા જુદા સ્થળોએથી આઠ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી લઇને સરભરા કરી**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં પોલિસે બે વાહન ચાલક સહિત આઠ શખ્સોને જુદા જુદા સ્થળોએ નશો કરી જાહેરમાં રાજાપાઠમાં નીકળતા ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી શહેર, મરીન પીપાવાવ, લીલીયા, રાજુલા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગ્રામસભામાં વિડિયો ઉતારવાની ના પાડતા

# બગસરાના માણેકવાડામાં પ્રૌઢ ઉપર હુમલો

**ઉશ્કેરાઈ મારમારી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બગસરા તાલુકાના માણેકવાડા ગામે વિપુલભાઈ વજુભાઈ સાવલીયા ઉ.વ. ૪૭ એ ગ્રામપંચાયતની ગ્રામસભામાં ગામના સાગર અરવિંદભાઈ પટોળીયાને વિડિયો ઉતારવાની ના પાડતા ઉશ્કેરાઈ ગાળો બોલી વિપુલભાઈને ઢીકાપાટું વડે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં બે બાઈક અથડાતા મહિલાને ગંભીર ઈજા

**પુરઝડપે ચલાવી બાઈક સાથે ભટકાવી ગંભીર ઈજાઓ કરી નાસી ગયો**

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

અમરેલી લીલીયા રોડ ઉપર ગુજરાત ગેસ પંપ નજીક સેજલબેન હરીભાઈ સાંગાણી ઉ.વ. ૩૩ રહે. કણકોટ લીલીયાથી અમરેલી આવતા હતા ત્યારે અમરેલી નજીક લીલીયા રોડ ઉપર આવેલ ગુજરાત ગેસ પંપની સામે પહોંચતા સામેથી આવતું બાઈક જી.જે. ૧૪એ.એચ. ૫૯૬૪ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માણસણી જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી સેજલબેનના બાઈક સાથે ભટકાવી રોડ ઉપરથી ફંગોળાઈ જતા મોઢાના ભાગે ફેકચર કરી માથામાં ત્રણ હેમરેજ તથા ડાબા અને જમણા હાથે ફેકચર કરી જમણી આંખે ઈજા પહોંચાડી નાસી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# માયાપાદર ગામે ટોકન થી ચાલતા જુગારમાં ભિનુ સંકેલાયુ પણ તપાસના નામે મીંડું !

**જુગારને જાહેર સ્થળે બતાવી રકમ સહિતની બાબતો છુપાવ્યાની ચર્ચા**

વડીયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી જિલ્લા ના વડિયા કુંકાવાવ તાલુકા ના કુંકાવાવ આઉટપોસ્ટ વિસ્તાર ના માયાપાદર ગામે તારીખ ૧૦/૦૯/૨૦૨૪ ના રોજ તાલુકામાં પ્રથમ વખત ટોકન થી રમાતો જુગાર પકડાયો હતો. આ જુગાર રમનાર તમામ શખ્સો તાલુકા બહાર ના લોકો હતા ત્યારે વડિયા પોલીસે આ જુગારને જાહેર સ્થળે બતાવી રકમ સહીત ની બાબતો માં કંઈક છુપાવ્યાની ચર્ચાઓ સમગ્ર તાલુકામાંથતી જોવા મળી રહી છે ત્યારે આ જુગાર માં પોલીસે ભિનું સંકેલી કંઈક વહીવટ પડ્યો એ નક્કી છે. આ જુગાર પકડાયા પછી તેમાં થયેલી કાર્યવાહી પર અનેક સવાલો લોકોમાં થતા જોવા મળી રહ્યા છે આ જુગાર પકડાયા ત્યારે બપોરે બાદ નો સમય હતો ધોળા દિવસે કોઈ ગામમાં જાહેર જગ્યામાં તાલુકા બહારના લોકો ને ગામલોકો જુગાર રમવાની છૂટ આપતા હશે? જુગાર માં જે ટોકન ઉપયોગ માં લેવાયા તે જુગારીઓ જ લઈને આવ્યા હતા કે પછી સ્થાનિક કોઈ એ પૈસા જમા લઈને આપ્યા હતા ? આ ટોકનના રૂપિયા નો ક્યાંય કોઈ ઉલ્લેખ જ નથી તો આ નાણાં ક્યાં ગુમ થઈ ગયા? જુગાર રામાતો હતો તે જાહેર જગ્યા હતી કે કોઈ વ્યક્તિ દ્વારા કલબ જ ચલાવાતી હતી? એવા તે ક્યાં સંજોગો બન્યા કે પોલીસને રાત પેહલા તમામ ને ટેબલ જમીન આપી દેવા પડ્યા? ટેબલ જામીન માં પણ કુંકાવાવ પોલીસ મથકે તાત્કાલિક તાલુકા બહારના લોકોના જામીન પણ હાજર થઈ ગયા તો તેને બચનન કોણે કર્યા? સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ટેબલ જામીન આપવા પણ પોલીસે તગડા વહીવટ પાડ્યા હતા? જુગાર માં પણ મસ મોટી રકમ પકડાઈ હતી આ બધુ ક્યાં છુ થઈ સંતાઈ ગયુ? આ તમામ પ્રશ્નો હાલ સમગ્ર વડિયા કુંકાવાવ વિસ્તાર ની જનતા માં ચર્ચાતા જોવા મળી રહ્યા છે ત્યારે ભ્રસ્ટાચાર માં અવ્વલ નંબરે આવતું આ તંત્ર મીડિયા અહેવાલ ના એક સપ્તાહ પછી પણ ભિનું સંકેલાય ગયેલા જુગારધામ પ્રકરણ બાબતે કોઈ તપાસ કરતી નથી તે પરથી સ્પષ્ટ થાય છે કે હવે ગુજરાત સરકારના ગુહ વિભાગે અમરેલી જિલ્લા અને વડિયા કુંકાવાવ તાલુકા ણ પોલીસ વિભાગ માં સ્વચ્છતા અભિયાન ચલાવવું ખુબ જરૂરી બની ચૂક્યું છે. ત્યારે રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા દ્વારા આ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવે તો દૂધ નુ દૂધ અને પાણીનું પાણી થશે એ વાત નક્કી છે. હવે આ બાબતે ઉચ્ચ અધિકારીઓ તટસ્થ તપાસ કરાવશે કે પછી સબ સલામત ના જ ગુણગાન ગાશે તે તો આવનારો સમય જ

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૧૯.૯.૨૦૨૪ ગુરુવાર, સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ બીજ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, વૃદ્ધિ યોગ, તૈતિલ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

## જન્મકુંડળીમાં જન્મસ્થાન વિશેષ મહત્વ ધરાવે છે

અગાઉ અત્રે લખ્યા મુજબ બે ગ્રહણની અસર વચ્ચે લેબનોનમાં પેજર ધમાકા થયા છે અને યુદ્ધની સ્થિતિ આગળ વધી રહી છે, સમગ્ર વિશ્વ આ ઘટનાક્રમથી ચિંતિત છે અને બહુ ઝડપથી જો ઉપાય શોધવમાં ના આવે તો આ લડાઈ વધુ ઉગ્ર થશે! તો બીજી તરફ દિલ્હીની રાજકીય સ્થિતિ પણ પ્રવાહી ચાલી રહી છે અને મોટા ઉતાર ચઢાવ જોવા મળી રહ્યા છે અત્રે લખ્યા મુજબ કોઈ પણ શહેર તેની ભૌગોલિક સ્થિતિ અને ઉર્જાને કારણે વિશેષ બને છે જે ઐતિહાસિક સમયથી આજદિન સુધી આપણે દિલ્હી બાબતમાં જોઈ રહ્યા છીએ. જન્મકુંડળીમાં જન્મસ્થાન વિશેષ મહત્વ ધરાવે છે અને વ્યક્તિ જન્મ બાદ જે શહેરમાં રહેતો હોય છે તેની ઉર્જા વિશેષ લાગુ પડતી હોય છે. જ્યોતિષશાસ્ત્રમાં દેશ વિદેશમાં વસતા



વ્યક્તિને પણ એક વખત તેના જન્મનક્ષત્ર સમયે જન્મસ્થળની મુલાકાત લેવાનો પ્રયોગ છે જે વ્યક્તિને ફરીથી તેના જન્મસમયની ઉર્જા સાથે સાંકળે છે અને વ્યક્તિની પ્રગતિના દરવાજા ખુલતા જણાય છે. એક જાતક નો જન્મ પોરબંદર થયો હતો તેમનો વસવાટ અમદાવાદ હતો. પુષ્ય નક્ષત્રમાં જન્મેલા આ જાતકના જીવનમાં તકલીફો આવતા અમે જણાવ્યું હતું કે પુષ્ય નક્ષત્ર હોય ત્યારે તમારા જન્મસ્થળ પર આવેલ દેવસ્થાનના દર્શન કરો અને થોડો સમય ત્યાં વ્યતીત કરો અને ત્યારબાદ તેમની ઉર્જામાં હકારાત્મકતા જોવા મળી અને કેરીઅરમાં આગળ વધી શકયા આવા અનેક કિસ્સાઓમાં જે તે નક્ષત્રમાં જન્મસ્થળની મુલાકાત અને તેને લગતા અન્ય પ્રયોગ કામ લગતા હોય છે !!

મેષ (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
વૃષભ (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
કર્ક (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
સિંહ (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
તુલા (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.
વૃશ્ચિક (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.
મકર (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.
કુંભ (ગ,સ,શ) : પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
મીન (દ,ચ,ઝ,થ) : ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

# કચ્છમાં ફરીથી ભૂંકપના આંચકા

કચ્છ, કચ્છની ધરા પરથી ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું છે. કચ્છનાં ભચાઉ નજીક આજે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આજે સવારના ૬:૫૯ વાગ્યે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. કોઈ જાનહાનિ થવાની માહિતી મળી નથી. કચ્છની ધરા પરથી ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું છે. બે મહિના અગાઉ કચ્છના ભચાઉમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. લોકો સૂઈ રહ્યા હતા દરમિયાન ભૂકંપનો આંચકો અનુભવાતા લોકો ભયભીત થઈ ગયા હતા. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. કોઈ જાનહાનિ થવાની માહિતી મળી નથી. ભૂકંપનો આંચકો આવતા જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૭૦ થી ૧૬૩૮ મગફળી ૭૦૦ થી ૧૧૪૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-
શિંગમોટી-૭૦૦-૧૧૪૯
શીંગફાડા-૯૫૧-૧૩૩૦
તલસફેદ-૧૮૦૦-૨૭૧૩
તલકાળા-૨૫૩૦-૩૮૫
બાજરો-૪૨૫-૪૮૪
ઘઉંટુકડા-૪૫૯-૬૩૨
ઘઉંલોકવન-૫૨૨-૫૮૭
તલકાશ્મીરી-૩૩૪૫-૩૩૯૫
ચણા-૧૨૨૫-૧૩૪૮
કપાસ-૧૦૭૦-૧૬૩૮
જુવાર-૩૨૦-૪૧૫
ધાણા-૧૦૦૦-૧૨૯૫
કાગ-૧૦૮૫-૧૦૮૫
સોયાબીન-૭૭૦-૮૮૬
અડદ-૧૧૧૦-૧૭૦૦
મગ-૧૫૦૫-૧૫૮૦
જીરૂ-૪૨૬૦-૪૮૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૦૦
રીંગણા-૮૦૦-૯૦૦
ફલાવર-૫૫૦-૭૦૦
કોબીઝ-૩૫૦-૪૫૦
ટમેટાં-૬૩૦-૮૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૫૦૦-૬૧૦
ગુવાર-૯૨૦-૧૨૦૦
દુધી-૨૦૦-૩૦૦
તુરીયા-૪૦૦-૫૫૦
ભીંડો-૨૨૦-૩૩૦
આદુ-૮૫૦-૯૨૦
કોથમીર-૩૦૦૦-૩૬૦૦
મેથીભાજી-૨૦૦૦-૨૬૦૦
ટીંડોરા-૧૦૦૦-૧૧૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૮૫૦
મુળા-૩૦૦-૪૦૦
લીંબુ-૧૬૩૦-૧૮૨૦
પાલક-૧૦૫૦-૧૨૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૬-૫૨૭
ચણા-૧૨૫૦-૧૨૫૨
ઘઉં-૫૨૨-૬૧૫
જુવાર-૬૬૧-૮૫૦
મગ-૧૩૬૦-૧૪૦૦
તલસફેદ-૨૩૦૦-૨૬૫૧
જીરૂ-
વાલ-
સોયાબીન-૮૩૬-૮૩૬
તલકાળા-

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૧૨-૬૪૯
ડુંગળીલાલ-૧૫૦-૯૦૬
ચણા-૧૦૦૦-૧૩૯૭
તલસફેદ-૨૨૭૦-૨૬૪૭
ગમગુવાર-
અડદ-૧૪૪૦-૧૪૪૦
તલકાળા-૩૪૯૬-૩૪૯૬
ડુંગળીસફેદ-૩૦૬-૧૦૦૬
નાળીયેર-૪૨૩-૨૧૦૦
બાજરી-૪૫૭-૫૨૫
જુવાર-૪૯૭-૭૭૮
મગ-૮૬૦-૧૫૯૩

**બાબરા**
કપાસ-૧૪૧૭-૧૬૫૩
ઘઉં-૫૧૧-૫૨૯
મગ-૧૪૪૫-૧૬૪૫
જીરૂ-૪૦૭૦-૪૬૮૦
અડદ-૧૩૯૦-૧૬૨૦
તલસફેદ-૨૨૭૫-૨૫૭૫

**ધારી**
કપાસ-૧૩૯૧-૧૫૦૦
બાજરો-
જુવાર-૬૫૦-૬૫૦
મકાઈ-
ચણા-૧૧૫૧-૧૪૨૫
ઘઉં-૫૨૬-૫૫૦
ધાણા-૧૨૦૧-૧૨૦૧
તુવેર-
શીંગફાડા-
સોયાબીન-
મગફળી-૯૦૦-૯૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૧૨૫
શીંગદાણા-
જીરૂ-૩૭૦૦-૪૫૨૦
તલસફેદ-૨૧૦૦-૨૬૮૦
કપાસ-૧૩૦૦-૧૬૭૫
ઘઉંલોકવન-૫૦૦-૫૫૦
જુવાર-૪૮૩
ઘઉંટુકડા-૫૪૦-૬૧૧
ચણા-૧૦૦૦-૧૪૨૦
સોયાબીન-૭૫૫-૮૬૧
મેથી-૮૩૦
બાજરો-૪૪૨-૫૦૦
મકાઈ-૬૨૦

**ખાંભા**
કપાસ-૧૨૦૦-૧૪૦૦
જુવારસફેદ-૬૫૭-૬૫૭
તલસફેદ-૨૩૫૦-૨૩૫૦
ઘઉં-
મેથી-
ધાણા-૯૦૦-૯૦૦
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
મગફળી-
કપાસ-૧૧૦૦-૧૫૬૫
એરંડી-૧૧૫૦-૧૧૯૦
મગફળી-૪૭૫-૫૦૦
ધાણા-૧૨૦૦-૧૨૫૧
તલસફેદ-૨૩૧૫-૨૪૯૦
ઘઉંટુકડા-૫૦૧-૫૫૫
ઘઉંલોકવન-૫૪૯-૫૫૦
મકાઈ-
અડદ-૧૪૯૦-૧૭૧૧
ચણા-૧૧૨૦-૧૩૪૦
સોયાબીન-૮૬૮-૮૮૬
તુવેર-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૯૦૦-૨૬૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૨૦૦૦-૩૦૦૦
કીવી-૫૦૦૦-૬૬૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૩૦૦૦
અનાનસ-૧૦૦૦-૧૫૦૦
જામફળ-૧૪૦૦-૨૨૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૮૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ - ૧૦૦૦-૨૦૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન 33.૬
ન્યુનતમ તાપમાન ૨૪.૦
ભેજનું પ્રમાણ ૮૨
પવનની ગતિ સરેરાશ ૪.૯

# અમરેલી નેત્રમ કમાન્ડ કંટ્રોલની મદદથી ચોરાઇ ગયેલ મોટર સાયકલ મળી આવ્યું

અમરેલી,
કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪+૭કલાક સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહેલ છે.તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ અમરેલી શહેરના જાગૃત નાગરીક જગદીશભાઇ કાનજીભાઇ ગોહીલ રહે. હનુમાનપરા રોડ અમરેલીનાઓની જાગૃતાને કારણે પોતાના રહેણાંક વિસ્તારમાં બાવળની કાટમાંથી એક મોટર સાયકલ જેના રજીસ્ટર નંબર ય્વ-૦૧-ઘસ્-૧૪૩૦ ની બિનવારસી હાલતમાં મળી આવેલહોયસદરહુંમોટરસાયકલબાબતેઅત્રે કમાન્ડ કંટ્રોલ સેન્ટરનો સંપર્ક કરતા ઉપરોકત મોટર સાયકલ માં મોટર સાયકલની ડીટેઇલ ચેકકરતામહેશભાઇરણછોડભાઇચાવડારહે. અમરેલી ચક્કરગઢ વાળાની હોય, જેથી વાહન માલીકનો સંપર્ક કરતા વાહન માલીકે જણાવેલ કે, સદરહુંમોટરસાયકલતા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મોટા બસ સ્ટેશનમાંથી રાત્રીના સમયે ચોરીથયેલહતી, બાદતા.૨૨/૦૮/૨૦૨૪ના મોટા બસ સ્ટેશનના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતા કોઇ ફળદાયક હકીકત મળેલ ન હોય જેથી વાહનના માલિક ખરાઇ કરી વાહન માલિક મહેશભાઇ રણછોડભાઇ ચાવડાને તેમનું મોટર સાયકલ નંબર જીજે-૦૧-DM-૧૪૩૦ નું વાહન માલિકને સહીસલામત સોપી આપેલ છે. આમ નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી પોલીસ સ્ટાફ દ્વારા અસરકારક કામગીરી કરી વાહન માલિકની ખરાઇ કરી વાહન કમાન્ડ કંટ્રોલના સીસીટીવી કેમેરાની મદદથી પરત કરેલ છે.

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં ભોજન કરાવાયું



અમરેલી,સેવાને સરનામે –ઉમળકા સાથે તા.૨૧-૦૮-૨૦૨૪નાં રોજ શ્રી ધવલભાઇ મનોજભાઈ કાબરીયા ના જન્મદિવસ નિમિત્તે તથા સ્વ.બાબુભાઈ પડસાલા ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે શ્રી મનોજભાઈ કાબરીયા તરફથી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીશ્રીઓને ફરસાણ સહીત ભોજનપ્રસાદ કરાવેલ અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.આ અવસરે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી ના પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી સહિત ના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# લાપાળિયામાં જલજીલણી એકાદશીની ઊજવણી



અમરેલી,અમરેલીના લાપાળિયા ગામે રામજી મંદિર ખાતે હરિરામબાપુ દ્વારા શરુ કરવામાં આવેલી પરંપરા મુજબ પૂજારી મુનાબાપુની આગેવાનીમાં જલજીલણી એકાદૃશીની ભારે ધામધૂમથી ઊજવણી કરવામાં આવી હતી. શેત્રુંજી નદીમાં ઠાકોરજીને ધામધૂમથી સ્નાન કરાયા બાદ ગામમાં ઘરે ઘરે વાજતે ગાજતે ઠાકોરજીની પધરામણી કરવામાં આવી હતી. જયસુખભાઈ લુણાગરીયાના નિવાસ સ્થાને ઠાકોરજીનું રાત્રિ રોકાણ કરવામાં આવ્યું હતું અને રાસગરબા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

# બાબરાના કરીયાણામાં ખાતમુહુર્ત કરાયું



લાઠી,બાબરા તાલુકાના કરીયાણા ગામે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, એટીવીટી યોજનાની ગ્રાન્ટ તેમજ સાંસદશ્રી (રા.સ.)ની ગ્રાન્ટ માંથી અંદાજે રૂ.૧૦.૫૦ લાખના ખર્ચે નીલકંઠ મહાદેવ મંદિર, ખોડીયાર માતાજીનું મંદિર વિગેરે સ્થળો તેમજ ગામની શેરીમાં બ્લોક પેવીંગ રોડનું કામ તેમજ અંદાજે રૂ.૬ લાખના ખર્ચે ભુગર્ભ ગટર લાઈનનું કામ મંજુર કરવામાં આવતા આ તમામ વિકાસના કામોનું ખાતમુહુર્ત લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ.

# ચક્કરગઢમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



અમરેલી,લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ચક્કરગઢ મુકામે રામદેવજી મહારાજનાં નવરાત્રી પાટોત્સવ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. વેદ વોલેન્ટરી બ્લડ બેન્કની સેવાઓ રહી હતી. સારા પ્રમાણમાં બ્લડ ડોનેશન પ્રાપ્ત થયેલ. આ તકે લાયન્સ મેઈનનાં પ્રમુખ રાજેશભાઈ વિઠલાણી, દિનેશભાઈ ભુવા, કાંતિલાલ વઘાસીયા, રાજુભાઈ પરીખ, જે.ડી.સાવલીયા, ગોરધનભાઈ માદલીયા, પ્રકાશભાઈ સેંજળીયા, નનુભાઈ તળાવીયા, રજનીભાઈ ધોળકીયા, જતીનભાઈ કોટડીયા, હર્ષદભાઈ વઘાસીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, ભીખુભાઈ કાબરીયા, જયસુખભાઈ ઢોલરીયા તેમજ અન્ય લાયન્સ સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલી લેઉવા પટેલ સંકુલ સૌરાષ્ટ્ર યુનિ.એમ.કોમ. સેમ-૨માં ૧૦૦ ટકા પરિણામ



અમરેલી,અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત એમ.કોમ. મહિલા કોલેજ સંકુલનું પરિણામ ૧૦૦ટકા સાથે ૧૦૦ ટકા ડીસ્ટીંક્શન સૌરાષ્ટ્ર યુનિ.સેમ. ૨ નાં પરિણામમાં ગૌરવ અપાવેલ છે. જેમાં ફર્સ્ટ રેન્કરમાં શિયાળી ઋષિતા મુકેશભાઈ, સેકન્ડ રેન્કર ભાયાણી જીનલ મુકેશભાઈ, થર્ડ રેન્કર બાંભણીયા હિતેશ્વરી પુનાભાઈને સંકુલ પરિવાર તરફથી બિરદાવેલ છે.

# ધારીમાં મુખ્યમંત્રીની સત્કારવા ઉત્સાહ



અમરેલી,અતિથિ દેવો ભવ કોઈ પણ મહેમાન આપણાં આંગણે પધારતા હોય છે ત્યારે અતિથિ દેવો ભવઃ કહેતાં હોય છીએ, ગાંધીનગર થી સી.એમ ભુપેન્દ્રભાઈ પટેલ અમરેલી જીલ્લાના પ્રવાસ કાયેક્રમ માં આવવાનાં હોવાથી આ સાથેક કરતાં ધારી, બગસરા, અને ખાંભા ના લોક લાડીલા ધારાસભ્ય શ્રી જેવી.વી.કાકડીયા તેમનાં પરમ મિત્ર પત્રકાર શ્રી રણજીતભાઈ વાળા સાથે આનંદ ઉત્સાહ સાથે બજારોમાં અતિથિ ના આગમન થી હર્ષભેર લાગણીઓ સાથે જોવા મળ્યાં.

# અમરેલી તાલુકા અને શહેરની ૧૩ સંસ્થાઓને રૂા.૪૯,૦૫,૮૧૦ નિભાવ ખર્ચ ચૂકવવામાં આવ્યો

અમરેલી,
મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત અમરેલી શહેર અને તાલુકા મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને અમરેલી તાલુકા કક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી તાલુકાની ૦૪ અને શહેરની ૦૪ સહિત વિવિધ ૧૩ સંસ્થાઓને, પશુનિભાવખર્ચપેટે ૯૧ દિવસના રુ.૪૯,૦૫,૮૧૦ ચૂકવવાની કામગીરી પૂર્ણ આવી છે. સંસ્થાઓ દ્વારા ગાય, ભેંસ વર્ગના રાખવામાં આવતા હોય તો તે સંસ્થાઓને પશુઓના નિભાવ અર્થે પશુદીઠ પ્રતિદિન રુ. ૩૦ની સહાય ચૂકવવામાં આવે છે. બેઠકમાં અમરેલી તાલુકા મામલતદારશ્રી નિમાવત, અમરેલી શહેર મામલતદારશ્રી બાવીસા, અમરેલી તાલુકા વિકાસ અધિકારીશ્રી ખસેટીયા, અમરેલી તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ડો. ગોસ્વામી સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ તાલુકા પશુ ચિકિત્સા અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# બગસરામાં ગણપતિ મહોત્સવનું રંગેચંગે વિસર્જન



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા ગણપતિ બાપ્પાને ૧૧ દિવસ સુધી લાડ લડાવ્યા બાદ આજરોજ બગસરાના મુખ્ય માર્ગો ઉપરથી ગણપતિ વિસર્જન માટે યાત્રા નીકળી હતી જેમાં ઠેર ઠેર ઠંડા પીણાં સરબત પાણી સહિતના બગસરાની ધર્મપ્રેમી જનતા દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા તેમજ સનાતન ગ્રુપ દ્વારા બેન્ડ પાર્ટી રાખી દરેક ગણપતિને વધાવવામાં આવ્યા હતા તેમજ આખું બગસરા ભાવ ભક્તિમાં રંગાયું હતું તેમજ બગસરા પોલીસ અધિકારી પી.આઈ. સાળુકે તેમજ પી.એસ.આઈ. ગઢવીના માર્ગ દર્શન હેઠળ ઠેર ઠેર સુરક્ષાનો પૂર્ણ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# લીલીયામાં ક્રિષ્ના ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા



લીલીયા, (મહેશ દવે)
લીલીયા શ્યામવાડીમાં તા.૧૪-૯ શનિવારનાં ક્રિષ્ના ક્રેડીટ કો.ઓ.સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાઇ હતી. જેમાં સંસ્થાનાં ચેરમેન નિતીનભાઈ ત્રિવેદી, વાઈસ ચેરમેન મુકેશભાઈ માતરીયા, મેને.ડીરે. કાંતિભાઈ શીંગાળા તથા ડીરેકટરશ્રીઓ ઘનશ્યામભાઈ રાદડીયા, કિશોરભાઈ પાઠક, ભરતભાઈ સેખલીયા, બટુકભાઈ સોળીયા, હરેશભાઈ ગાંગડીયા, વિપુલભાઈ ડેર, હિરજીભાઈ કાકરેચા, અતુલભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ ભાલાળા, ઈલાબેન દવે, રૂપાબેન પાઠક, નીતાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ સભામાં બહોળી સંખ્યામાં સભાસદ ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય અને મહેમાનોનું સ્વાગત સન્માન કરાયું હતું. સંસ્થાનાં માનદ મેનેજર જીતેન્દ્રભાઈ પાઠક દ્વારા વાર્ષિક અહેવાલ રજુ કરાયો હતો. ત્યાર બાદ મુકેશભાઈ માતરીયા, કિશોરભાઈ પાઠક, ભરતભાઈ સેખલીયા દ્વારા સંસ્થા અંગેની માહિતી તેમજ સભાસદ ભેટ અંગે માહિતી પુરી પાડી હતી. આભારવિધિ હરેશભાઈ ગાંગડીયા અને સભાનું સંચાલન દયાબેન કવા તથા વિનીભાઈ ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ કલસ્ટર કક્ષાના વિજ્ઞાન મેળામાં પ્રથમ સ્થાન મેળવ્યું




ચલાલા,યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટી સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ પ્રાથમિક વિભાગનાં કલસ્ટર વિજ્ઞાન મેળામાં પ્રથમ સ્થાન મેળવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનું ગૌરવ વધાર્યુ હતું.

# સાવરકુંડલામાં કેન્સર જાગૃતિ અભિયાન



સાવરકુંડલા,તારીખ ૧૩/૯/૨૦૨૪ના રોજ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી .ઘેલાણી મહિલા કોલેજ ખાતે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનો તથા કોલેજના મહિલા સ્ટાફ મેમ્બર્સ માટે બ્રેસ્ટ કેન્સર તથા સર્વાઈકલ કેન્સર વિશે જાગૃતિ અભિયાન અંતર્ગત આશીર્વાદ ફાઉન્ડેશન વતી શ્રીમતી મીતાબેન જોશી દ્વારા એક સેમીનાર નું આયોજન થયું .આ સેમિનારમાં આશરે ૨૦૦ વિદ્યાર્થીની બહેનો તથા સ્ટાફ મેમ્બર્સે ભાગ લીધો હતો.

# બગસરા શાળા નં.૨ના આચાર્યની સરહાનીય કામગીરી



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા માં ચાલી રહેલા ગણેશ ઉત્સવો માં બગસરા ના શાળા નં. ૨ ના આચાર્ય યતિંભાઈ નકુમ દ્વારા જનજાગૃતિ માટે સરકાર ના વિવિધ કાર્યક્રમના પૈકી 'એક પેડ માં કે નામ' અંતર્ગત તેમજ ઘરના આંગણે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત સોસાયટી સ્વચ્છ રાખવી તેમજ મહિલા મતદાન ચૂંટણી વખતે ચોકક્સ મતદાન કરે મહિલા મતદાતા દ્વારા વધુમાં વધુ મતદાન કરે જેથી ટકાવરી વધે એવા અનેક સરકાર શ્રી ના કાર્યક્રમો માં જાહેર જનતા ભાગીદાર બને તેવા સંકલ્પો સાથે ગણપતિ પંડાલમાં આરતી કરેલ.

# ઝાલોદમાં મંદિર ચોરી કરીને જંગલમાં છુપાયેલા ચોરને પકડવામાં આવ્યો

ઝાલોદ,
ઝડપાયેલો આરોપી અગાઉ ૭૦ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે ગામડું હોય કે શહેર, હવે ગુજરાત પોલીસની નજરમાંથી બચવું ગુનેગારો માટે આસાન નહીં હોય. ગુજરાત પોલીસે આદિજાતિ વિસ્તારમાં પણ પોલીસિંગ માટે નવા ધોરણો સ્થાપિત કર્યા છે. દાહોદનાં ઝાલોદમાં મંદિરમાંથી ચોરી કરીને ભાગેલા આરોપીને પોલીસે ટેક્નોલોજીની મદદથી ગાઢ જંગલમાંથી પણ દબોચી કાઢ્યો હતો. પોલીસ ટીમ દ્વારા ચોરીનાં ગુનેગારને ટ્રેક કરવા માટે થર્મલ ઈમેજ નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસની આ ઉત્કૃષ્ટ કામગીરીને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ અભિનંદન સાથે બિરદાવી હતી.ઝડપાયેલો આરોપી અગાઉ ૭૦ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં દાહોદનાં ઝાલોદમાં આવેલા એક મંદિરમાંથી ચોરી કરીને ભાગતા આરોપીને પોલીસે થર્મલ ઈમેજ નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરી ગાઢ જંગલમાંથી પણ ઝડપી પાડ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમની પોસ્ટમાં લખ્યું કે, દાહોદ એસ.પી અને ટીમ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી! શું તમે ક્યારેય વિચાર્યું છે આદિજાતિ જિલ્લા પોલીસ થર્મલ ઈમેજ નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરીને કેસને ઉકેલશે ? ગ્રામીણ પોલીસિંગ માટે નવા ધોરણો સ્થાપિત થયા છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# સુરત શહેરમાં નવનિર્મિત ગૌરવ સેનાની કુમાર છાત્રાલયમાં પ્રવેશ આપવા કામગીરી શરૂ કરાઇ

અમરેલી, માજી અને પૂર્વ સૈનિકો તેમજ સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના સંતાનો માટે સૈનિક કુમાર છાત્રાલય કાર્યરત છે. સુરત ખાતે નવનિર્મિત સેનાની કુમાર છાત્રાલયમાં પ્રવેશ મેળવી શકાય છે. માજી અને પૂર્વ સૈનિકો તેમજ સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓના સંતાનો કે જેમને સુરત ખાતે આવેલા શૈક્ષણિક સંસ્થાઓમાં ધો.૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેમને રહેવા અને જમવા માટે સુરત ખાતે ગૌરવ સેનાની ભવન ખાતે નવનિર્મિત સૈનિક કુમાર કાર્યરત છે. આ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માંગતા કુમાર અને તેમના માતા-પિતાએ સુરત કચેરીનો રુબરુ સંપર્ક કરી નમૂના મુજબનું પ્રવેશ ફોર્મ મેળવી સત્વરે જમા કરાવવા. વધુ વિગત માટે ટેલિફોન નંબર (૦૨૬૧) ૨૯૧૩૮૨૦ અને ૯૪૨૬૮૦૨૮૨૦૫૨ સંપર્ક સાધવા રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ અધિકારીશ્રી એ એક યાદીમાં જણાવ્યુ છે.

# સુરતમાં છેતરપિંડી કેસમાં દંપતીની ધરપકડ

સુરત,સુરતના ઉધના વિસ્તારમાં રહેતા વીમા એજન્ટ મુલ્હાસભાઈ માળી છેતરપિંડી નો ભોગ બન્યા હતા ગાંધીધામ ખાતેની એક કંપનીમાં ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કરવાથી સારા વળતર ની લોભામણી સ્કીમ નામે ઉધનાના વીમા એજન્ટ પાસેથી રૂપિયા ૧૩ લાખ પડાવી દંપતી દ્વારા છેતરપિંડી કરવામાં આવી હતી. દંપતીએ વીમા એજન્ટ પાસેથી કંપનીમાં રોકાણ ના નામે લીધેલા રૂપિયા દસ લાખની રકમ ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કંપનીમાં નહીં પરંતુ ડ્રગ્સના ધંધામાં રોકાણ કર્યા હોવાથી પોલીસે મહિલાના પતિની ધરપકડ કરી હતી.

# રાજકોટમાં દેશીદારૂની ભઠ્ઠી ઝડપાઇ

રાજકોટ,રાજકોટ શહેરમાં આજે વિખ્યાત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એથલેટિક ગ્રાઉન્ડમાં દેશી દારૂની ભઠ્ઠી રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસની નજીક દેશી દારૂની ભઠ્ઠી ઝડપાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. શિક્ષણ સંસ્થામાં જ નશાના કાળો કારોબાર થઈ રહ્યું હોવાની બાતમીના આધારે એથલેટિક ગ્રાઉન્ડ પાસે દારૂની ભઠ્ઠી હોવાનું જાણી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે તેમજ એક બૂટલેગરની ધરપકડ કરી છે.

# બેટ દ્વારકામાં ૧ કરોડનું ચરસ મળી આવ્યું

દ્વારકા,
બેટ દ્વારકાના દરિયા કિનારે બિન વારસાગત હશીશ મળી આવી. જેમાં પૂર્વ કિનારે અફઘાની હશીશના બે પેકેટ મળી આવ્યા હતા. તેમાંથી લગભગ એક કરોડ રૂપિયાની કિંમતનું ૧.૮૬૬ કિલોગ્રામ હશીશ મળી આવ્યું હતું. કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને આ પેકેટો મળી આવ્યા હતા. દેવભૂમિ દ્વારકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બેટ દ્વારકાના દરિયા કિનારે બિન વારસાગત હશીશ મળી આવી. જેમાં પૂર્વ કિનારે અફઘાની હશીશના બે પેકેટ મળી આવ્યા હતા. તેમાંથી લગભગ એક કરોડ રૂપિયાની કિંમતનું ૧.૮૬૬ કિલોગ્રામ હશીશ મળી આવ્યું હતું. કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને આ પેકેટો મળી આવ્યા હતા.

# સુરેન્દ્રનગરમાં ખાણખનીજના કર્મીની ધરપકડ

સુરેન્દ્રનગર,સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ઉત્ખનન કરનારાઓનું રાજ ચાલે છે તો તંત્ર પણ ઓછું ભ્રષ્ટ નથી. ખાણ અને ખનીજ વિભાગના આવા લાંચિયા કર્મચારીની એસીબીએ સફળ છટકામાં લાંચ લેવાના આરોપસર ધરપકડ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ઉત્ખનન કરનારાઓનું રાજ ચાલે છે તો તંત્ર પણ ઓછું ભ્રષ્ટ નથી. ખાણ અને ખનીજ વિભાગના આવા લાંચિયા કર્મચારીની એસીબીએ સફળ છટકામાં લાંચ લેવાના આરોપસર ધરપકડ કરી છે.

# અમરેલીમાં શેર એન્ડ કેર દ્વારા હરતી ફરતી લાઈબ્રેરીને પુસ્તકો અર્પણ

## પુસ્તક પરબ વડોદરા દ્વારા ડો.પ્રતાપભાઈ પંડ્યાની પુણ્યતિથિ નિમિત્તે અનોખી ભેટ



અમરેલી,
અમરેલી નગરમાં સામાજિક, સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા શેર એન્ડ કેર પરિવાર દર રવિવારે જાહેર સ્થળ પર હરતી ફરતી લાઈબ્રેરી નો પ્રોજેકટ ચલાવે છે. પુસ્તક પરબ વડોદરા ના પ્રણેતા અને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર ના સ્થાપક પ્રમુખ ડો.પ્રતાપભાઈ પંડ્યા ની પુણ્ય તિથિ નિમિત્તે સંસ્થા દ્વારા શ્રી મનીષા બેન પંડ્યાના સૌજન્યથી તારીખ..૮-૯-૨૦૨૪ ને રવિવારના રોજ અમરેલીના લાઠી રોડ પર મામા દેવની જગ્યા પાસે આ હરતી ફરતી લાઈબ્રેરી ને અંદાજિત ૨૫૦૦૦/- રુ..ની કિંમતના પુસ્તકો ભેટ અર્પણ કરવામાં આવ્યા હતા... આ તકે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર વતી મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષી, ટ્રસ્ટી પરેશ મહેતા , સાહિત્યકાર ડો .કાલિન્દી પરીખ , લોકસાહિત્યકાર મહેન્દ્રભાઈ જોષી, કવિ પ્રકાશ જોષી ખાસ ઉપસ્થિતિ વચ્ચે પ્રારંભે લાઈબ્રેરીના પ્રોજેકટ સાથે પહેલેથી જોડાયેલા અને સર્જક પરિવાર ના ટ્રસ્ટી એવા પરેશ મહેતા દ્વારા પૂર્વભૂમિકા રજૂ કરી હતી ...શેર એન્ડ કેર પરિવારના સ્થાપક ચેરમેન રિયાઝ વેરસિયા દ્વારા સેવા પ્રવૃત્તિઓ વિશે અને વાંચે અમરેલી વિશે વાત કરી હતી..આ પ્રોજેકટ અંતર્ગત વધુ લોકો પુસ્તક વાંચન નો લાભ લઈ શકે તે માટે સત્વશીલ સાહિત્યનાં પુસ્તકો ભેટ આપવા માટે શ્રી મનીષાબેન પંડ્યા નો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવેલ..સહુ અતિથિ વિશેષ નું પ્રભુ શ્રી રામની તસવીર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું.. પુસ્તક પરબ વતી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઉમેશભાઈ જોષી એ ડો.પ્રતાપભાઈ પંડ્યાની શિક્ષણ , સાહિત્ય ની સેવા પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું..લાઈબ્રેરી પ્રોજેકટ માટે ઈન્ચાર્જ ધર્મેન્દ્ર જોષી, શરદભાઈ શુક્લ ,રમેશભાઈ જાની ને ધન્યવાદ આપ્યા હતા..સમગ્ર સેવા પ્રવૃત્તિના સફળ સંકલન માટે ફાઉન્ડર ચેરમેન રિયાઝ વેરસિયાને અભિનંદન પાઠવેલ.આ તકે કાલિન્દી બેન પરીખ અને મહેન્દ્રભાઈ જોષી એ શુભેચ્છાઓ પાઠવી હતી..સંકલન પરેશ મહેતા દ્વારા કરવામાં આવ્યું.આ પ્રસંગે પ્રોત્સાહક હાજરીમાં પરિવારના સભ્યો સર્વશ્રી ધર્મેન્દ્ર જોષી , મન્સુર ગઢીયા , શરદભાઈ શુક્લ, રમેશભાઈ જાની, મુસ્તફા પિસાવાડી, સંજય પંડ્યા, દિનેશ ઝાપડિયા, પાર્થ તેરૈયા, સાહિલ કુંડલિયા, જગદીશભાઈ જોષી, અંકિતા જોષી, યામિની મેઘાણી , લયાબા રાજપૂત , હિરેન ગોસાઈ , ટીનાભાઈ પરમાર , ઉમેશ તેરૈયા વગેરે ખાસ ઉપસ્થિતિ રહ્યા હતા..લોકગાયક વિમલ મહેતા, સર્જક પરિવાર ના ટ્રસ્ટી ઉદય દેસાઈ અને કેતન જોષી એ શુભેચ્છા સંદેશ પાઠવેલ.. અંતમાં શેર એન્ડ કેર પરિવાર વતી રિયાઝ વેરસિયા એ દર રવિવારે આયોજિત આ હરતી ફરતી લાઈબ્રેરી નો વાચન લાભ લેવા અનુરોધ કર્યો હતો..

# વડોદરામાં ૨૬ ડિલિવરી બાઇકમાં આગ લાગી

વડોદરા,વડોદરામાં વાહનોમાં આગ લાગવાનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં ફતેગંજ વિસ્તારમાં બીજાની ડિલિવરી કરતી મોટરસાયકલો આગમાં લપેટાઈ જતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફતેગંજના સેફ્રોન ટાવરમાં આવેલા ડોમિનોઝ પિઝાની બહાર ગ્રાઉન્ડ ફ્લોર પર ગઈ મોડી રાતે પીઝા માટેની ડિલિવરી બાઈક હરોળમાં પાર્ક કરવામાં આવી હતી. આ વખતે કોઈ કારણસર આગ લાગતા એક પછી એક મોટરસાયકલ આગમાં લપેટાઈ હતી.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન — ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથ જિલ્લામાં સેવાસેતુના પ્રથમ દસમાં તબક્કામાં ૪૨,૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધો

ગીર સોમનાથ,
જરૂરિયાતમંદ નાગરિકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ તેમનાં નજીકના સ્થળ પરથી મળી રહે તે માટે જિલ્લામાં વિવિધ જગ્યાઓએ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાં ૪૨,૦૦૦ થી વધુ લોકોએ નાગરિકોએ સરકારની વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.વેરાવળ તાલુકાના આજોઠા ગામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજુલાબેન મૂછારની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિન નિમિત્તે એક પેડ મા કે નામ અને સ્વચ્છતા હી સેવા અભિયાન અંતગર્ત કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં.વેરાવળ તાલુકાના આજોઠા ગામે સેવાસેતુ અભિયાનનો ૪,૩૫૧ લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. સુત્રાપાડા તાલુકાના લોઢવા ખાતેનાં સેવાસેતુ કાર્યક્રમમાં ૨,૯૬૭ લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. તાલાલા તાલુકાના રામપરા ખાતે ૩,૭૫૨ લોકોએ સરકારની વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. ગીર ગઢડા ખાતે યોજાયેલ સેવાસેતુમાં ૯,૮૯૧ લોકોએ સરકારની વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. ઊના તાલુકાના દેલવાડા ખાતે યોજાયેલા સેવાસેતુમાં ૧૦,૬૪૩ લોકોએ સરકારની વિવિધ સેવાઓનો લાભ લીધો હતો અને કોડીનાર તાલુકાના રોણાજ ખાતે યોજાયેલા સેવાસેતુમાં ૧૦,૭૩૬ લોકોએ સરકારની સેવાઓ લાભ લીધો હતો. સેવાસેતું કાર્યક્રમની સાથે સ્વચ્છતા હી સેવા અભિયાન અને એક પેડ મા કે નામની સાથે હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન — મહુવા બ્યુરો ચીફ નિતેસ ગૌસ્વામી


# મહુવામાં એક પેડ માં કે નામ અભિયાનનો પ્રારંભ



મહુવા, જગદંબા ગૃપ(ભારતીય નારી)-મહુવા દ્વારા સરકારશ્રીનું 'એક પેડ મા કે નામ' અભિયાન થી પ્રેરણા લઈ ને મહુવા ને હરિયાળું તેમજ મહુવા ને ફરી મિની કાશ્મીર બનાવવાના પ્રયાસ સાથે વિનામૂલ્યે વૃક્ષોનાં રોપાનુ વિતરણ કરવામાં આવ્યું. આ કાયેક્રમમાં મોટા ખુટવડા નાં મહંત શ્રી ભારદ્વાજગિરીબાપુ, રામપાસરહોજગ્યાના મહંત શ્રી રાજુબાપુ, મહાકાળી આશ્રમ નાં મહંતશ્રી શિવચેતનગિરીબાપુ, તેમજ સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, મહુવા, ધારાસભ્ય શ્રી શિવાભાઈ ગોહિલ, લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહિર, બાહોશ પત્રકાર શ્રી રણજીતભાઈ વાળા, ય્શજીમહુવા નાં મેને. ટ્રસ્ટીશ્રી ઈસ્માઈલભાઈ કલાણીયા, વિશાલભાઈ રાજયગુરૂ ના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી.ઉપસ્થિત રહેલા તમામ મહંતશ્રીઓનુ તથા મહાનુભાવોનું જગદંબા ગૃપની બહેનો એ પુષ્પગુચ્છ થી સહ આભાર ભેટ અપેણ કરી ને વિનામૂલ્યે વૃક્ષો વિતરણ કાયેક્રમની શરૂઆત કરવામાં આવી છે આ સમગ્ર આયોજન સંપૂર્ણ જવાબદારી, જગદંબા ગૃપ-મહુવાના પ્રમુખ શ્રીઃમિનાબેન સાંકળીયા, મધુબેન દવે, વિણાબેન વાજા, સોનલબેન ધારૈયા,સંભાળી હતી,

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન — જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢના પ્લાસવા ગામે ડિગ્રી વગરનો ડોકટર ઝડપાયો



જુનાગઢ,જુનાગઢ રેન્જ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલિસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા તેમજ મેડીકલ ડિગ્રીનો અભ્યાસ વગર લોકોના જીવ જોખમમાં મુકાય તેરીતે મેડીકલ તપાસ કરતા શખ્સોને પકડી પાડવા સુચના આપતા ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.જે.જે. પટેલ ,એ.એસ.આઈ. સામંતભાઈ બારીયા તથા સ્ટાફે સાથે રહી ચોકકસ બાતમીના આધારે પ્લાસવા ગામે મેલડીમાંની ગારી પાસે મકાનમાં આવેલ દુકાનમાં જુનાગઢનો ઈદ્રીશ ઘાંચી ભાડે રાખી પોતે ડોકટરની ડિગ્રી ધરાવતો ન હોવા છતા આ દુકાનમાં દવાખાનું ખોલી એલોપેથીક દવાઓ જેવી કે એન્ટીબાયોટીક, સ્ટીરોઈડ નો જથ્થો રાખી ડોકટર તરીકે પ્રેકટીસ કરી દર્દીઓને તપાસી પોતે ડોકટર તરીકે દવાઓ આપે છે. જે હકીકત આધારે કોઈ ડિગ્રી કે લાયસન્સ વગર દવાખાનું ખોલી દર્દીઓને તપાસી કોઈ અભ્યાસ પણ કરેલ ન હોય. તેની જાણકારી હોવા છતા દર્દીની સારવાર દરમ્યાન કોઈપણ પ્રકારની અણઆવડતના કારણે ભુલ કરે તો દર્દીનું મૃત્યું થાય તેવું જાણવા છતા પોતાના આર્થિક ફાયદા માટે લોકોમાં ડોકટર તરીકેની ખોટી ઓળખ આપી દર્દી તપાસી દવા આપતા મળી આવી એલોપેથીક એન્ટીબાયોટીક અને સ્ટીરોઈડ જેવી દવાઓના મુદામાલ સાથે પોલિસે અલગ અલગ દવાનો જથ્થો રૂ/.૪૭,૩૬૮ , રોકડ રૂ/.૭૨૬૦ તેમજ મોબાઈલ રૂ/.૧૦,૦૦૦ નો મુદામાલ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન — કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓની કામગીરી



ભુજ,કચ્છમાં ભારે વરસાદમાં અસરગ્રસ્ત રસ્તાઓને પૂર્વવત કરવા માટે યુધ્ધના ધોરણે કચ્છ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.કચ્છ જિલ્લા માર્ગ અને મકાન પંચાયત દ્વારા જિલ્લાના ૧૫૩૭ રસ્તાઓની ૬૨૪૬.૦૬ કિ.મી લંબાઈ પૈકી આસ્ફાલ્ટ પેચવર્કની જરૂરિયાત વાળી ૩૫.૦૫ કિ.મી. લંબાઈમાં મરામત કામગીરી શરૂ કરવામાં આવી છે. જે લંબાઈ પૈકી ૨૪.૦૧૮ કિ.મી રસ્તા પર આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે. તેમજ બાકી રહેતી લંબાઈમાં આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી પ્રગતિમાં છે, જે આગામી ટુંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવશે. જયારે માર્ગ અને મકાન પંચાયત વિભાગ ભુજ હસ્તકના કુલ ૭૭ રસ્તાઓ અને ૪૧.૫૦ કિ.મી ને નુકશાન થયેલું જે પૈકી ૪૦.૮૨ કિ.મીમાં મેટલ પેચની કામગીરી પૂર્ણ કરાઇ છે અને બાકી રહેતી લંબાઈમાં મેટલ પેચની કામગીરી હાલે પ્રગતિમાં છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.


ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૯-૦૯-૨૦૨૪ ગુરૂવાર



(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અખિલ હિન્દ શ્રીમાળી સોની મહામંડળની અમરેલી બેઠકમાં શ્રી ધર્મેશ સોનીની બિનહરિફ નિયુક્ત થવા બદલ

# અમરેલીમાં ત્રિવિધ સમારોહ યોજાયો

**ઋણવંદના, સમરસ્તા સંમેલન અને સ્નેહ ભોજન સમારોહમાં આગેવાનો, જ્ઞાતિજનોની વિરાટ ઉપસ્થિતિ : વિવિધ ક્ષેત્રના આગેવાનોની શુભકામના**

**શ્રી હેમેન્દ્રભાઇ સોની, શ્રી વિજયભાઇ ધોળકીયા, શ્રી હરૂભાઇ ઝવેરી, શ્રી ભરતભાઇ લંગાડીયા, શ્રી કૌશિકભાઇ વેકરીયા, સાંસદશ્રી સુતરીયા, શ્રી તળાવીયા, શ્રી ભરતભાઇ ચૌહાણની ઉપસ્થિતિ**









અમરેલી,અમરેલીમાં સમાજના બદલાવ લાવવા પ્રયાસો કરનાર શ્રી ધર્મેશભાઇ ભુપેન્દ્રભાઇ સોનીની અખિલ હિન્દ શ્રીમાળી સોની મહામંડળની અમરેલી બેઠકમાં બિન હરિફ વરણી થવા બદલ તા.૧૫ને રવિવારે ઋણવંદના, સમરસ્તા સંમેલન અને સ્નેહ ભોજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી હેમેન્દ્રભાઇ સોની, શ્રી વિજયભાઇ ધોળકીયા, શ્રી શશીકાંત પાટડીયા, શ્રી હરૂભાઇ ઝવેરી, શ્રી ભરતભાઇ લંગાડીયા અને નાયબદંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી જનકભાઇ તળાવીયા, શ્રી ભરતભાઇ ચૌહાણના અતિથીવિશેષપદે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી નવનીતભાઇ રાજપરા, શ્રી એસ. એમ.સોની, શ્રી કેતનભાઇ ધોળકીયા, શ્રી હરેશભાઇ પટણી, શ્રી નિલેશભાઇ ધોળકીયા, શ્રી ચિમનભાઇ ઝીંઝુવાડીયા, શ્રી નવીનભાઇ વાવડીયા, શ્રી નિતીનભાઇ રાજપરા, શ્રી ઘનશ્યામભાઇ ભડીયાદરા, શ્રી રજનીભાઇ પાટડીયા, શ્રી સુરેશભાઇ ધાંગધરીયા, સોની જમનાદાસ મુળજીભાઇ, શ્રી ભાવેશભાઇ ભાનાણી, શ્રી અરવિંદભાઇ રાજપરા, શ્રી ભાવેશભાઇ રાજપરા, શ્રી ચંદ્રકાંતભાઇ લંગાડીયા, શ્રી પરેશભાઇ પાટડીયા, શ્રી મયુરભાઇ માંડલીયા સહિત ઉપસ્થિત રહ્યા હતાં. તેમ શ્રી રમેશભાઇ ભુપતભાઇ મુંજપરા, શ્રી રમેશભાઇ કાંતિભાઇ ચાપાનેરી, શ્રી દ્વારકાદાસભાઇ લલાડીયા, શ્રી ઇન્દુભાઇ ઝીંઝુવાડીયા, શ્રી અલ્પેશભાઇ ભડીયાદરા, શ્રી ગોપાલભાઇ ઝીંઝુવાડીયા, શ્રી ચંદ્રેશભાઇ ધોળકીયા, શ્રી અશ્વિનભાઇ રાજપરા, શ્રી ભાવિનભાઇ કાંઢીયા અને શ્રી ધર્મેશભાઇ ભુપેન્દ્રભાઇ સોની દ્વારા જણાવાયું છે.

# અમરેલી જિલ્લા વકીલ મંડળની મુલાકાતે નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા





અમરેલી વકીલ મંડળની ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી કૌશિક વેકરીયાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તે પ્રસંગે વકીલ મિત્રો દ્વારા શ્રી વેકરીયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે વેળાએ અમરેલી જિલ્લા વકીલ મંડળના પ્રમુખ શ્રી એન. વી. ગીડા તથા અન્ય વકીલ મિત્રો દ્વારા તસ્વીરમાં નજરે પડે છે.

# અમરેલીમાં મહારાજશ્રી ઔદિચ્ય ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિના તેજસ્વી તારલાનું સન્માન કરાયું

**તેજસ્વી તારલા સન્માન, દિવંગત આત્માઓને શ્રધ્ધાજંલિ સાથે સ્નેહ મિલન**









અમરેલી,

અમરેલીમાં હોટેલ એન્જલમાં તા.૧૫-૯ રવિવારના મહારાજશ્રી ઔદિચ્ય ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિના તેજસ્વી તારલા સન્માન, સ્નેહ મિલન તથા જ્ઞાતિના દિવંગત આત્માઓને શ્રધ્ધાજંલિનો કાર્યક્રમ યોજાયો હતો. સૌપ્રથમ જ્ઞાતિના પ્રમુખ સુનિલભાઈ રાજયગુરૂ દ્વારા દિપ પ્રાગટય બાદ સૌજ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો. ધો.૧ થી ગ્રેજયુએટ અને માસ્ટર ડિગ્રી સુધીના તમામ બાળકોને પુરસ્કાર, ઈનામ ભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાસંગોચિત ઉદબોધન સુનિલભાઈ રાજયગુરૂ, ડોલરભાઈ રાજયગુરૂ, શ્રીમતિ મીતાબેન કે. જોષી, ભારતીબેન એ.જોષી, હિરેનભાઈ કે. જોષીએ ઉદબોધન કર્યુ હતું. નારી સશકિતકરણ મુદે જ્ઞાતિની નવી કારોબારીમાં નવો ફેરફાર કરવાનું સમાજમાંથી સુચન આવતા જ્ઞાતિના કોઈએક મહિલાને પ્રમુખપદે નિયુકત કરવા વિચારવિમર્શ થતા સભામાં સર્વાનુમતે જ્ઞાતિના ભારતીબેન જોષીની પ્રમુખ પદે નિયુકિત કરવામાં આવી હતી. જે સૌજ્ઞાતિજનોએ સહર્ષ સ્વીકારી હતી. નવી કારોબારીની રચના કરવામાં આવતા પ્રમુખ ભારતીબેન અશ્વિનભાઈ જોષી, મંત્રી મીતાબેન કિરિટભાઈ જોષી, સહમંત્રી રવિભાઈ જીતુભાઈ જોષી, ખજાનચી જયભાઈ ડી. રાજય ગુરૂની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે દિવંગત આત્મા ઓને શાંતિ માટે બે મીનીટ મૌન પ્રાર્થના કરી શ્રધ્ધાજંલિ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન ડોલરભાઈ રાજયગુરૂ (કવિ વામન) દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી શ્રવણ પ્રસાદ કેન્દ્રના નવા ભવનમાંશ્રી ગાયત્રી યજ્ઞ યોજાયો

**ઓમ યોગ ગૃપના બહેનો દ્વારા ગાયત્રી યજ્ઞનું આયોજન**



અમરેલી, શ્રવણપ્રસાદ સેવાકેન્દ્ર અમરેલીના નવા ભવનમાં ગાયત્રી યજ્ઞ, ઓમ યોગા ગૃપના બહેનો દ્વારા કરવામાં આવેલ તેમજ તમામ બહેનો દ્વારા શુધ્ધાત્મક મંત્રો પ્રસાદ વગેરેનુ વિતરણ કરવામાં આવેલ ગૃપ દ્વારા સંસ્થાના સંચાલક ભીખુભાઈ અગ્રાવતને કરી કે અમે આ વડીલોને શુ ઉપયોગી થાઈ એત્યારે, કહયું કે આ બળબળતા ઉનાળાના દિવસો છે જેની પાસે કાંઈ નથી તેવા જરૂરીયાતમંદ વડીલોને ચપ્પલ આપો તો પુણ્યનું કાર્ય થશે. આ વાતને તુરત વધાવી શ્રીભાવનાબેન રંગપરીયા, શ્રી રીટાબેન પટેલ તથા આખા ગૃપે નિર્ણય લઈ તમામ જરૂરીયાત મંદ વડીલોને ચપ્પલની સેવા સંસ્થાએ ઓમ યોગ મહિલા ગૃપનો ખુબ ખુબ આભાર માનેલ આ ઈશ્વરીય કાર્ય છે આવી જરૂરીયાતમંદોની સેવા એ ઈશ્વરને પુષ્પ અર્પણ કરવા સમાન છે.

# બાબરાના ધરાઇ હવેલીમાં છાક મનોરથ યોજાયો

**બાલમુકુંદ હવેલી ખાતે રાધાષ્ટમી નિમિતે મનોરથમાં વૈષ્ણવો ઉમટયા : ઠાકરોજીને વિવિધ મિઠાઇની વાનગીઓ ધરાવાઇ**



અમરેલી, બાબરાના ધરાઈ ખાતે બાલકુષ્ણ હવેલીમાં રાધાષ્ટમી પર્વનિમિતે છાકનો મનોરથ યોજાયો હતો. જેમાં ઠાકોરજીને વિવિધ મિઠાની વાનગીઓ ધરાવામાં આવી હતી. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી બાલમુકુન્દ હવેલીમાં અતિભવ્ય છાક મનોરથ નું આયોજન તા.૧૧/૦૯/૨૪ (રાધાષ્ટમી) બુધવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ જાતની મીઠાઈઓ તથા અન્ય પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવશે. આતકે હવેલીમાં ઠાકોરજીના આ રૂડા મનોરથ તથા દર્શનનો લાવ્હો તથા મહાપ્રસાદનો લાવ્હો હજારો વૈષ્ણવો એ લાભ લય ધન્યતા અનુભવી હતી. કુલદીપભાઈ મુખ્યાજી ધરાઈની યાદી જણાવે છે.

## જાફરાબાદમાં પોલિસનું શાલ ઓઢાડી સન્માન



જાફરાબાદ, (ફીરોજ પઠાણ) અમરેલી જીલ્લાના જાફરાબાદ શહેમાં મહંમદ પેગંબર સાહેબના જન્મદિવસ નિમિતે ટાઉન અને મરીન પોલિસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવા બદલ ટાઉન પોલિસ તથા મરીન પોલિસનો જાફરાબાદ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા આભાર વ્યકત કરેલ અને સમાજના આગેવાનો દ્વારા ટાઉન પી.આઈ.શ્રી ભાસ્કન તેમજ પી.એસ.આઈ.શ્રી મારૂનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## ભાજપ દ્વારા સદસ્યતા નોંધણી અભિયાન દરમિયાન

# અમરેલીમાં એગ્રોના વેપારીઓ સાથે બેઠક યોજતા શ્રી કૌશિક વેકરીયા

### અમરેલી માર્કેટયાર્ડ રોડ ખાતે એગ્રોનાં વેપારીઓની મુલાકાત લઇ ખેતીપાક અંગે ચર્ચા વિચારણા કરી : એગ્રોનાં વેપારીઓનાં વિવિધ પ્રશ્નો સાંભળ્યાં




અમરેલી, અમરેલી જિલ્લા સહિત ગુજરાતભરમાં સદસ્યતા અભિયાન શરૂ છે.ત્યારેભાજપનીવિચારધારાસાથેવધુમાં વધુ લોકોને જોડાવા માટે આ અભિયાનનું આયોજન કરવામાંઆવ્યુંછે. આ કાર્યક્રમ અંતર્ગત સમયે અમરેલી, કુંકાવાવ,વડીયાના ધારાસભ્ય અને ગુજરાતવિધાનસભાના નાયબમુખ્યદંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા માર્કેટ યાર્ડ રોડ ખાતે એગ્રોના વેપારીઓની મુલાકાત લીધી હતી અને ખેતી પાક અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં શ્રી ધર્મેશભાઈ વિસાવડીયા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા,શ્રી કિરણભાઈ પાગધાડ, શ્રી કાળુભાઈ વિરાણી,શ્રી નરેશભાઈ કુંજડીયા, શ્રી દિપકભાઈ રાજપરા, કેતનભાઈ આખજા સહિત વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આયોજન સહકાર અગ્રી ખાતે કરવામાં આવ્યું હતું.

### પહેલા પાનાનું
### જિલ્લામાં મુખ્યમંત્રી

સીટી પોલીસ લાઇનનાં નવા ક્વાર્ટરનું રિમોટથીઉદ્દઘાટનકરશેઅનેબાયરોડલાઠી રોડે થઈ સાવરકુંડલા જશે અને ત્યાંનાં કાર્યક્રમ બાદ રાજુલાથી બાય રોડ સમુહખેતી જશે. જ્યાં સૌરાષ્ટ્રનાં ખેડુત આગેવાન અને પુર્વ ધારાસભ્ય સ્વ.ભગવાનબાપા આદસંગવાળા નાં આંગણે વર્તમાન ધારાસભ્ય શ્રી મહેશ કસવાળાનેત્યાંભોજનલેશે. સમુહખેતીથી રાજુલાનો કાર્યક્રમ સંપન્ન કરી રાજુલાથી હેલીકોપ્ટરમાં ધારી ખાતે જશે. ધારીમાં ડીવાયએસપી ઓફિસ, પોલીસ લાઇન ક્વાર્ટરનુંઉદ્દઘાટનઅનેઆંબરડીપાર્કખાતે ઓપન જીપમાં નિરીક્ષણ કરશે. આંબરડી પાર્કથી બાય રોડ અમરેલી આવવા રવાના થશે અન દેવરાજીયા ખાતે શ્રી કૌશિક વેકરીયાનાં નિવાસે સ્થાને અલ્પાહાર લેશે. ત્યાંથી રાધેશ્યામ હોટલેથી બાયપાસ રોડે થઈએરપોર્ટઉપરપહોંચશેઅનેસાંજેત્યાંથી અન્ય નિયત સ્થળે જવા માટે રવાના થનાર હોવાનું જાણવા મળેલ છે.


શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?

તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.

RTO એડવાઇઝર

સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટીસ ટ્રેક

મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯

નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી




જવાહર નવોદય & સૈનિક સ્કૂલ

તાલીમ વર્ગ – અમરેલી

ધોરણ 3,4,5,6,7,8 માટે પ્રવેશ શરૂ

ફુલ ડે સ્કૂલ સાથે કલાસ

- નવોદય
- જ્ઞાનશકિત સ્કૂલ
- સૈનિક સ્કૂલ
- રક્ષાશકિત સ્કૂલ
- સ્કૂલ
- મોડેલ સ્કૂલ
- હોસ્ટેલ
- CM સ્કોલરશીપ

એડમીશન માટે રોહિત જોષી 94294 33031 90676 06698

આપના બાળકનું એડમિશન કોઈપણ જગ્યાએ કરાવતા પહેલા એક મુલાકાત અવશ્ય લો...

લાઠી રોડ બાયપાસ ચોકડી પાસે, હ્યુન્ડાઈ શો–રૂમ પાછળ, ગુરૂદત્ત પેટ્રોલપંપ સામે, અમરેલી.


**રાજુલાના મહે. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા**

મરણ અરજી નં.૩૮૩/૨૦૨૪

અરજદાર :- શ્રી મેગળ કરણ ભાભલુભાઈ રહે.નવાગામ, તા.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી નવાગામ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નવાગામ ગામના શ્રી મેગળ કરણ ભાભલુભાઈએ તેમના માતા સ્વ. રજુબેન ભાભલુભાઈ મેગળનું મરણ તા.૨૧-૧૨-૨૦૨૧ ના રોજ નવાગામ મુકામે મરણ થયેલ છે જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી આર.વી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૦-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૦-૦૯-૨૦૨૪

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

---

**મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા**

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૪-૨૦૨૪............મુ.તા.૧૭-૧૦-૨૦૨૪

અરજદાર : અરજણભાઈ સુખાભાઈ લાખણોત્રા રહે.પચપચીયા, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી પચપચીયા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારના પુત્ર શિવમ અરજણભાઈ લાખણોત્રાનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૯ નારોજ ગામ પચપચીયા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૭-૧૦-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૨-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૯૧/૨૦૨૪

અરજદાર :- શ્રી અરડુ ભુપતભાઈ આપાભાઈ રહે.મજાદર, તા.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી મજાદર ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મજાદર ગામના શ્રી અરડુ ભુપતભાઈ આપાભાઈએ તેમના માતા સ્વ.શ્રી અરડુ માલુબેન આપાભાઈનું અવસાન તા.૧૩-૦૨-૨૦૦૭ ના રોજ મજાદર મુકામે મરણ થયેલ છે જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી આર.વી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

---

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.જીકારભાઇ ભગવાનભાઇ વાઘ**

**સ્વ.તા.૧૫-૦૯-૨૦૨૪, ગામ : રામપરા-૨**

એક પળમાં જીંદગીભરનું સંભારણું છોડી ચાલ્યા ગયા તમે,
જીંદગી ટુંકી હતી,છતાં લાગણી ઘણી મુકી ગયા તમે,
જીવ્યા થોડું પણ જીતી ઘણું ગયા તમે, હસીને હસાવનારા બધાને રડાવીને ઓચિંતા ચાલ્યા ગયા તમે.
પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય આત્માને પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.

ઉનડભાઇ જીણાભાઇ પટાટ - બિજલભાઇ જીણાભાઇ પટાટ
ભગવાનભાઇ જીણાભાઇ પટાટ - આતાભાઇ ઉનડભાઇ પટાટ
પાતાભાઇ ઉનડભાઇ પટાટ - દેવદાસભાઇ ઉનડભાઇ પટાટ
કાળુભાઇ બિજલભાઇ પટાટ - બાઘાભાઇ બિજલભાઇ પટાટ
ગભરૂભાઇ બિજલભાઇ પટાટ - બાબુભાઇ ભગવાનભાઇ પટાટ
લાલાભાઇ ભગવાનભાઇ પટાટ

ગામ : હિંડોરણા, તા.રાજુલા, જી.અમરેલી


ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ

બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંક્શન હોલ

લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંક્શન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંક્શન • બેસણું • પ્રાર્થનાસભા

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯

હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

Appointment Now M.8238599299

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર

Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ

અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo.70169 65665

